# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

**પ્રથમ વર્ષ**

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

## [સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ- ૫

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંયરા. હાલ : ઘાટકોપર**

# સૂત્ર - વિધિ અને રહસ્ય

## સામાન્ય જિન ચૈત્યવંદન

**તુજ મુરતિને નિરખવા, મુજ નયણા તલસે;**
**તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે...૧**
**કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ સ્પર્શે;**
**તો સેવક તાર્યા વિના, કહો કેમ હવે સરશે...૨**
**એમ જાણીને સાહેબા, નેક નજર મોહે જોય;**
**જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જે નવી થાય...૩**

# જંકિંચિ (તીર્થ વંદન)

**જં કિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ તિરિયલોએમિ/માણુસેલોએમિ**
**જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ...૧**

શબ્દાર્થ :-

**જં કિંચિ :** જે કોઇ
**નામતિત્થં** : નામરૂપ તીર્થો
**સગ્ગે :** સ્વર્ગમાં
**પાયાલિ :** પાતાળમાં
**તિરિયલોએમિ :** તિર્ચ્છાલોકમાં
**માણુસેલોએમિ :** મનુષ્યલોકમાં
**જાઈં :** જેટલાં
**જિણબિંબાઈં :** જિનબિંબો જિનેશ્વરની પ્રતિમાઓ
**તાઈં :** તે
**સવ્વાઈં :** સર્વેને
**વંદામિ :** હું વાંદુ છું..

**અર્થ :** સ્વર્ગમાં, પાતાળમાં અને તિર્ચ્છા-મનુષ્ય લોકમાં જે કોઇ નામરૂપ તીર્થો જે કોઇ જિનેશ્વરદેવના બિંબો-પ્રતિમાઓ-મૂર્તિઓ હોય તે સર્વેને હું વાંદુ છું. વંદન કરું છુ...૧

આ સૂત્રથી ત્રણ લોકમાં રહેલા સર્વ તીર્થો અને સર્વ જિન પ્રતિમાઓને વંદન કરાય છે.

## નમોત્થુણં-શક્રસ્તવ સૂત્ર

**નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં. ૧**
**આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં. ૨**
**પુરિસુત્તમાણં, પુરિસસીહાણં,**
**પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩**
**લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં,**
**લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪**
**અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં,**
**સરણદયાણં, બોહિદયાણં. ૫**
**ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં,**
**ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં. ૬**
**અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિયટ્ટછઉમાણં. ૭**
**જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,**
**બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮**
**સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલમરુઅમણંત-**
**મક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિસિદ્ધિગઈ નામધેયં**
**ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં ૯**
**જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે;**
**સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦**

શબ્દાર્થ :–

**નમોત્થુણં :** નમસ્કાર હો
અરિહંતાણં : અરિહંતોને
**ભગવંતાણં :** ભગવંતોને
**આઇગરાણં :** આદિ કરનારાઓને
**તિત્થયરાણં :** તીર્થંકરોને
**સયંસંબુદ્ધાણં :** સ્વયં જ્ઞાન પામેલાઓને–પોતાની મેળે બોધ પામેલાઓને
**પુરિસુત્તમાણં :** પુરુષોમાં જેઓ ઉત્તમ છે તેઓને
**પુરિસસીહાણં :** પુરુષોમાં જેઓ સિંહસમાન છે તેઓને.
**પુરિસવર :** પુરુષોમાં જેઓ શ્રેષ્ઠ–ઉત્તમ
**પુંડરીઆણં :** પુંડરીક કમળ સમાન છે તેઓને
**ગંધહત્થીણં :** ગંધહસ્તી સમાનને
**લોગુત્તમાણં :** લોકમાં ઉત્તમ છે તેઓને
**લોગનાહાણં :** લોકનાનાથોને સ્વામીઓને.
**લોગહિયાણં :** લોકનું હિત કરનારાઓને
**લોગપઇવાણં :** લોકમાં પ્રકાશ કરનાર મહાદીપકોને
**લોગપજ્જોઅગરાણં :** લોકમાં પ્રદ્યોત કરનારાઓને
**અભયદયાણં :** સર્વ જીવોને અભય આપનારાઓને
**ચક્ખુદયાણં :** જ્ઞાન રૂપી નેત્રો આપનારાઓને
**મગ્ગદયાણં :** માર્ગ દેખાડનારાઓને
**સરણદયાણં :** આશ્રય આપનારાઓને
**બોહિદયાણં :** બોધિબીજ સમકિતને આપનારને
**ધમ્મદયાણં :** ધર્મ આપનારાઓને
**ધમ્મદેસયાણં :** ધર્મના ઉપદેશકોને
**ધમ્મનાયગાણં :** ધર્મના સ્વામીઓને
**ધમ્મસારહીણં :** ધર્મના સારથીઓને
**ધમ્મવર :** ધર્મરાજયના શ્રેષ્ઠ
**ચાઉરંત :** ચારગતિના અંત કરનાર
**ચક્કવટ્ટીણં :** ચક્રવર્તીઓને
**અપ્પડિહય :** કોઇથી હણાય નહી તેવા.
**વરનાણ–દંસણ :** ઉત્તમ કેવલ જ્ઞાન અને કેવલદર્શન
**ધરાણં :** ધારણ કરનારાઓને
**વિયટ્ટછઉમાણં :** જેમનું છદ્મસ્થપણું ચાલ્યું ગયું છે તેઓને
**જિણાણં :** રાગાદિ દોષો જિતનારાઓને
**જાવયાણં :** જિતાવનારાઓને
**તિન્નાણં :** સંસાર સમુદ્ર તરી ગયા છે તેઓને
**તારયાણં :** તારનારોઓને
**બુદ્ધાણં :** તત્વ જાણનારને
**બોહિયાણં :** બીજાને બોધ આપનારને
**મુત્તાણં :** કર્મથી મૂકાયેલાઓને
**મોઅગાણં :** કર્મબંધનથી મૂકાવનારાઓને
**સવ્વન્નૂણં :** સર્વ જાણનારાઓને
**સવ્વદરિસીણં :** સર્વ જોઇ શકનારાઓને.
**સિવં :** ઉપદ્રવોથી રહિત.
**અયલં :** સ્થિર
**અરુઅં :** વ્યાધિ અને વેદનાથી રહિત
**અનંતં :** અંત રહિત
**અખ્ખયં :** જેનો કદાપિ ક્ષય થતો નથી.
**અવ્વાબાહં :** કર્મજન્ય પીડાઓથી રહિત.
**અપુનરાવિત્તિ :** જયાં ગયા પછી પાછું ફરવાનું હોતું નથી તેવું
**સિદ્ધિગઇ :** સિદ્ધ થયેલા જીવોની જયાં ગતિ થાય છે. તે સિદ્ધિ ગતિ.
**નામધેયં :** નામવાળા
**ઠાણં :** સ્થાનને
સંપત્તાણં : પ્રાપ્ત થયેલાઓને
**નમો :** નમસ્કાર હો
**જિણાણં :** જિનોને
**જિઅભયાણં :** સાતે પ્રકારના ભયો જિતનારાઓને
**જે :** જે
**અ :** વળી

**અઇઆ સિદ્ધા :** ભૂતકાળમાં જેઓ સિદ્ધ થયાછે
**ભવિસ્સંતિ :** સિદ્ધ થશે
**અણાગએ કાલે :** ભવિષ્યકાળમાં
**સંપઇ :** વર્તમાનકાળમાં
**અ :** અને
**વટ્ટમાણા :** વર્તમાન–વિદ્યમાન છે તે
**સવ્વે :** સર્વેને
**તિવિહેણ :** મન, વચન અને કાયાએ એ ત્રણ પ્રકારે
**વંદામિ :** હું વાંદુ છું–વંદન કરું છું.

**અર્થ :** નમસ્કાર હો... અરિહંત ભગવંતોને ૧. જેઓ શ્રુતધર્મની આદિ કરનારા, ચતુર્વિધ સંઘરૂપી તીર્થના સ્થાપનાર તીર્થંકરોને, અને પોતાની મેળે બોધ પામનાર–સ્વયંજ્ઞાનીને..૨

જેઓ પુરુષોમાં પરોપકારાદિ ગુણોવડે ઉત્તમ છે તેમને, શૌર્યાદિ ગુણોવડે સિંહ સમાન છે તેમને, નિર્લેપતામાં ઉત્તમ પુંડરીક કમલ સમાન છે તેમને, અને સ્વચક્ર–પરચક્રાદિ સાત પ્રકારની ઇતિઓને દૂર કરવામાં ગંધહસ્તી સમાન છે તેમને...૩

જેઓ ભવ્ય પ્રાણીરૂપ લોકમાં ઉત્તમ છે તેમને, લોકનાથોને –સ્વામીઓને, લોકોનું હિતકલ્યાણ કરનારાઓને, લોકમાં પ્રકાશ કરનારા મહાદીપકોને, લોકને વિષે પ્રદ્યોત અતિશય પ્રકાશ કરનારાઓને...૪

સર્વ જીવોને અભય આપનારાઓને, શ્રદ્ધારૂપી નેત્રોનું દાન કરનારાઓને, મોક્ષમાર્ગ દેખાડનારાઓને, રાગદ્વેષથી પરાભવ પામેલા પ્રાણીઓને શરણ–આશ્રય આપનારાઓને, મોક્ષ–વૃક્ષના મૂળરૂપ બોધિબીજ સમ્યક્ત્વનો લાભ આપનારાઓને...૫

વિરતિરૂપ ચારિત્ર ધર્મને આપનારાઓને, પાંત્રીશ ગુણોથી યુકત વાણીવડે ધર્મ દેશના આપનારાઓને ધર્મના સાચા નાયક–સ્વામીઓને, ધર્મરૂપી રથને ચલાવવા નિષ્ણાંત સારથીઓને, ચાર ગતિનો અંત કરનાર શ્રેષ્ઠ ધર્મચક્રને ધારણ કરનારા ચક્રવર્તીઓને...૬

કોઇથી હણાય નહિ એવા ઉત્તમ, કેવલજ્ઞાન અને કેવલદર્શનને ધારણ કરનારાઓને, જેઓનું છદ્મસ્થપણું ઘાતીકર્મોરૂપી આવરણ ચાલ્યું ગયું છે તેઓને....૭

જેઓએ રાગ અને દ્વેષનો જય કર્યો છે તેવા જિતનારાઓને તથા ઉપદેશ વડે બીજાને જિતાવનારાઓને, જેઓ સમ્યગ્દર્શનાદિ વહાણ વડે સંસાર સમુદ્ર તરી ગયા છે તેઓને તથા જેઓ અન્યને સંસાર–સમુદ્રથી તારે છે તેઓને જેઓને જ્ઞાનથી જીવાજીવાદિ તત્વનો બોધ છે તેઓને તથા બીજાઓને બોધ પમાડે છે તેઓને જેઓ સર્વ કર્મના બંધનોથી મુકત થયેલા છે તેઓને તથા બીજાઓને મુક્તિ અપાવનારાઓ છે તેઓને...૮

સર્વ જાણનારાઓને તથા સર્વ જોઇ શકનારાઓને, ઉપદ્રવોથી રહિત, સ્થિર, વ્યાધિ અને વેદનાથી રહિત, અંત રહિત કદાપિ ક્ષય નહિ પામનાર, કર્મજન્ય પીડાઓથી રહિત, જયાં ગયા પછી સંસારમાં પાછું ફરવાનું હોતું નથી તેવું તથા સિદ્ધ થયેલા જીવોની જયાં ગતિ થાય છે તે સિદ્ધિગતિ નામવાળા સ્થાનને વિષે પ્રાપ્ત થયેલાઓને તથા જેમણે સાતે પ્રકારના ભયો જીત્યા છે તે જિનોને–જિનેશ્વરોને નમસ્કાર હો...૯

જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા છે, જેઓ ભવિષ્યકાળમાં સિદ્ધ થનારા છે અને જેઓ વર્તમાનકાળમાં અરિહંતરૂપે વિદ્યમાન છે, તે સર્વે ને મન, વચન, કાયાવડે એ ત્રણ પ્રકારે હું વંદન કરું છું...૧૦

આ સૂત્રથી અરિહંત થઇને સિદ્ધગતિને પામેલા સર્વ જિનેશ્વરોને વંદન કરવામાં આવેલ છે તથા થઇ ગયેલા થનારા અને વિદ્યમાન એમ ત્રણ કાલના અરિહંતોને વંદન કરાય છે શક્ર (ઇન્દ્ર) આ સૂત્રથી અરિહંતોને સ્તવે છે. માટે એ સૂત્રને ''શક્રસ્તવ'' પણ કહેવાય છે.

# શ્રાવક કોને કહીએ ?

સમવસરણમાં બિરાજમાન દેવાધિદેવ અરિહંત પરમાત્મા જયારે જયારે મોક્ષમાર્ગની વાત કરે છે ત્યારે ત્યારે સાર રૂપે બે પ્રકારના ધર્મની પ્રરૂપણા કરે છે.. હા એટલે જ તો અરિહંતની માતા પાંચમાં સ્વપ્નમાં બે પુષ્પની માળા નિરખે છે. આ બે પ્રકારનો ધર્મ છે.

સર્વ વિરતિ અને દેશવિરતિ.

સર્વ વિરતિ એટલેજ સાધુ જીવન ! આ જીવન પામવાનું સૌભાગ્ય સહુના લલાટે નથી હોતું પણ જો પુરુષાર્થ કરવામાં આવે તો દેશવિરતિ એટલે જ શ્રાવક બનવાનું સદ્ભાગ્ય સર્વ જીવો પ્રાપ્ત કરી શકે છે. કોઇએ સાચું જ કહ્યું છે :

Every one can not become a great man but Every one can become a gentle man.

અર્થાત : પ્રત્યેક વ્યક્તિ મહાન ન બની શકે પણ પ્રત્યેક વ્યક્તિ સદાચારી જરૂર બની શકે છે.

આપણા જીવનને સદાચાર સુવાસથી સુવાસિત કરવા માટે જ શાસ્ત્રકારોએ શ્રાવકના જીવનબાગને સદ્ગુણોના પુષ્પોથી શોભાયમાન બનાવવાની વાત કરી છે. આપણે શ્રાવક જીવનના ગુણોની વિચારણા કરી રહ્યા છીએ. આજે આપણે શ્રાવકના ચોથા ગુણનો વિચાર કરવાનો છે–

## ૪ લોકપ્રિયતા

**इहपरलोयविरुद्धं, न सेवअे**
**दाण विणय सीलड्ढो ।**
**लोअप्पिओ जणाणं,**
**जणेइ धम्मंमि बहुमाणं ।।**

આ લોક પરલોકવિરુદ્ધ આચરણ ન હોય. દાન–વિનય–શીલ યુક્ત લોકપ્રિય હોય છે. તેથી બીજા માણસોને પણ ધર્મને વિષે બહુમાન ઉત્પન્ન કરે છે.

શ્રાવકનો ચોથો ગુણ કહે છે– શ્રાવક સદા લોકપ્રિય હોય. અજૈનોની વસ્તીમાં એકજ જૈનનું ઘર હોય છતાં બધાના જબાન ઉપર એનું જ નામ રમતું હોય છે. શ્રાવકને આ લોકપ્રિયતા એમને એમ પ્રાપ્ત નથી થતી પણ એની પાછળ એના ગુણો હોય છે. જયારે દાન વિનય અને શીલથી યુક્ત હોય છે ત્યારે એને સ્વયંમેવ લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે. સાચી લોકપ્રિયતા પ્રચારથી નહી આચારથી મળે છે.

દુર્ગુણોની બાદબાકી અને સદ્ગુણોની સુવાસ માનવીને ઉચ્ચ સ્થાને બિરાજમાન કરે છે. જીવનમાં સદ્ગુણોની સુવાસ હોય પણ જો સાથે દુર્ગુણો કે દુર્વ્યસનો હોય તો માનવી સાચી લોકપ્રિયતા નથી પામી શકતો. સવારના પરમાત્મા ભક્તિ અને દાન દેનાર સાંજે જો કલબોમાં દારૂના નશામાં.... જુગાર રમતો દેખાય અથવા દુનિયામાં લાખોનું દાન દઇએ ગમેતેમ બોલનાર હોય, વડિલોના અપમાન કરનાર હોય તો તે ન તો લોકપ્રિય બની શકે ન તો સદ્ધર્મનું આચરણ કરી શકે. આવા જીવો ધર્મ કરવા માટે યોગ્ય કે લાયક માનવમાં આવ્યા નથી. પણ આવી વ્યક્તિઓના નામથી ધર્મની નિંદા થાય છે. ધર્મીઓ વગોવાય છે.

શ્રાવકના ગુણોને પ્રાપ્ત કરવાની અભિલાષા રાખનાર પ્રથમ તો પરલોક વિરુદ્ધ આચરણ ન કરે. એનું જીવન બધાજ પ્રકારના વ્યસનોથી મુક્ત હોય છે. જયાં સુધી જીવન શુદ્ધ પવિત્ર ન બને ત્યાં સુધી એમાં ધર્મની વિશિષ્ટ આરાધના સંભવી પણ શકતી નથી. ભૂમિ શુદ્ધ હોય તો એમાં ચિત્રકાર સુંદર ચિત્રનું આલેખન કરી શકે છે... પાત્ર શુદ્ધ હોય તો જ એમાં દુધ ટકી શકે છે... તેવી જ રીતે લોકપ્રિયતા વિગેરે મહાન ગુણોને પામવા જીવનને વ્યસન મુક્ત બનાવવું જ રહ્યું. પરલોક જેની નજર સામે હોય... જાતને દુર્ગતિથી બચાવવું હોય એના માટે વ્યસન ત્યાગ અનિવાર્ય બની જાય છે.

**ધ્રુતં ચ માસં સુરા ચ વિસ્યા ।**
**પાપર્ધિ ચોરી પરદાર સેવા ॥**
**એતાનિ સપ્તાનિ વ્યસનાની લોકે ।**
**ઘોરાતિ ઘોરં નરકં નયન્તિ ॥**

૧. જુગાર ૨. માંસ. ૩. મદિરા ૪. વેશ્યાગમન ૫. શિકાર ૬.ચોરી અને ૭. પરસ્ત્રીગમન આ સાત વ્યસન જીવને ઘોરાતિ ઘોર નરકમાં લઈ જાય છે.

પરલોકમાં દુર્ગતિ તો હજી દૂરનું ફળ છે પણ આભવમાં પણ એના ભયંકર ફળો જીવને ભોગવવા પડે છે.

દ્વારકાના વિનાશના મૂળમાં વ્યસનો હતા ને?

પાંડવોને વનવાસ અપાવનાર વ્યસનો જ હતા ને ?

સોનાની લંકાના સ્વામિ એવા રાવણને નરકમાં લઈ જનાર કોણ હતું ?

નળરાજાને રસ્તે રખડાવનાર કોણે બનાવ્યા?

આતો બધી ભૂતકાળની વાતો થઈ. પણ આજે જો તમે તમારી આજુ બાજુ નજર કરશો તો તમને આજના સંસારના સમસ્ત દુઃખોનું કારણ આ વ્યસનો જ દેખાશે.

આજે જુગારમાં પાયમાલ થયેલા અનેક કુળો દેખાય છે...

આજે માંસાહારે ઘણા કુલીન પરિવારોમાં દુર્બુદ્ધિના કારણે અનેક અનર્થો સર્જ્યા છે...

આજે મદિરાએ ઘણા ઘરોમાં નાના-મોટાના સુખોમાં આગ લાગાડી છે. અનેક પરિવાર નિરાધાર... અનાથ થયા છે... ઘણા જીવો વિવિધ રોગોના શિકાર બન્યા છે... Wine has drowned more men than the sea અર્થાત્ આજ સુધીમાં સમુદ્ર કરતાં દારૂએ વધારે માનવીઓને ડૂબાડયા છે.

વેશ્યાગમનના વ્યસને જીવોને દૂરાચારી અને નિર્માલ્ય, વીર્યહીન બનાવ્યા છે. વિવિધ રોગોના ભોગ કર્યા છે. તન અને ધનથી જીવોને ખલાસ કરી નાંખ્યા છે.

શિકારનું વ્યસન આજે ઓછું દેખાય છે. પણ પોતાના સુખોને માટે... વિવિધ મુલાયમાંદિ વસ્તુને માટે આ જીવ બેધડક જીવોને મારતો જાય છે... સ્વાદને માટે... વિદેશી હુંડીયામણ મેળવવા માટે કતલખાના ઉપર કતલખાના ખોલતો જાય છે. નિર્દોષ જીવોના મૂંગા જીવોના નિસાસા પામીને કોણ સુખી થઈ શકે છે ?

ચોરીનું દુષણ આજે વધતું જાય છે. પ્રામાણિકતા ઘટતી જાય છે. આજના જમાનામાં અપટુડેટ ચોર વધતા જાય છે. જયાંથી મળે ત્યાંથી પૈસા ખાવાની વૃત્તિ વધતી દેખાય છે. સારા મનાતા વ્યક્તિઓના હાથ આ પાપથી ખરડાયેલા છે. આ વ્યસન પૈસાની આસક્તિ વધારે છે અને એક પાપ અનેક પાપોને જન્મ આપે છે.

પરસ્ત્રીગમનના પાપે ઘણા કુટુંબો તુટ્યા છે... સુખી પરિવારો વેર-વિખેર થઈ ગયા છે. જેના કટુ પરિણામે બાળકો દૂરાચારી થયા છે.

જીવ ! અનેકાનેક ભવથી આત્મા અજ્ઞાનતાથી આવા અનેક વ્યસનોમાં ફસાયો છે.

વ્યસનમાં ફસાઈને પ્રથમતો એણે જિનાજ્ઞાનો ભંગ કર્યો છે, પછી વ્યસનના કારણે એને દૂરાચારીઓનો સંગ મળે છે. જેથી એક વ્યસન અનેક વ્યસનોને ખેંચી લાવે છે. વ્યસની વ્યક્તિઓનો કોઈ વિશ્વાસ કરતું નથી. એની સમાજમાં કોઈ કિંમત હોતી નથી.... મોઢાની ઉપર કદાચ કોઈ ન બોલે પરંતુ સમાજમાં એની નિંદા થતી જ રહે છે..

આવો જીવ લોકપ્રિયતાને કેવી રીતે પામી શકે?

રસકસ વિનાની... અને મીઠાવાળી જમીન ખેતર નથી બની શકતી, એ તો રણ બની જાય છે તેવી જ રીતે ગુણોથી હીન... અને વ્યસનવાળું જીવન નંદનવન નથી બનતું પણ જંગલ બની જાય છે. આપણા જીવનને શું બનાવવું છે ? જો નંદનવન જેવું જીવન બનાવવું હોય તો જીવનને સત્વર વ્યસનોથી મુક્ત બનાવવું જ પડશે. જેમ જેમ વ્યસન ઘટતા જશે તેમ તેમ આત્મામાં શાંતિની અનુભૂતી થતી જશે. અજ્ઞાનદશાથી એમ લાગે છે કે વ્યસનોમાં શાંતિ છે પણ વ્યસનોમાં જીવનની બરબાદી છે....

વ્યસનો વ્યક્તિના જ્ઞાનતંતુને નબળા બનાવે છે. જીવ વિચાર કરવાની શક્તિ ગુમાવી બેસે છે. હિતાહિતનો વિચાર કરી શકતો નથી. આવો વ્યસનોનો ગુલામ કદાચીત ધર્મ કરે તો પણ એ ધર્મ એના જીવનમાં ટકી શકતો નથી. આવા જીવનમાં દાન... વિનય... શીલ... ક્યાંથી આવે? વ્યસનો સારા એવા માનવીની કેવી અવદશા કરે છે એની સુંદર વાત અહીં ગુરુ–શિષ્યના સંવાદથી કહી છે –

વિવેક નામના પર્વત ઉપર ચઢતો શિષ્ય ગુરુને પૂછે છે– '' હે ગુરુજી ! આ મંદિરમાં જે દીન અને નગ્ન મનુષ્ય દેખાય છે તે કોણ છે ?''

શિષ્યની વાત સાંભળી ગુરુ કહે છે– ''આ તો નાશી જવાની ઈચ્છાવાળો, દિશાઓ તરફ જોનારો, ક્ષુધાથી પીડાયેલો તથા પુરુષોથી વિંટળાયેલો એવો આ લક્ષ્મીના ભંડાર સરખા કુબેરનો પુત્ર છે. તેનું ગૌણ નામ કપોત છે અને મુખ્ય નામ ધનેશ્વર છે. જુગારના વ્યસનવાળા એણે પિતાના ધનને નષ્ટ કર્યું છે. ધન પણ ખલાસ થઈ જવાથી જુગાર માટે તે ચોરી કરવા લાગ્યો ત્યારે રાજાએ તેને કદર્થના કરી પણ માનનીકનો પુત્ર હોવાથી તેને જીવથી માર્યો નહિં. આજ રાત્રિએ આ જુના–પુરાણા કપડાં પણ જુગારમાં હારી ગયો છે. તેથી વ્યસનખેદિ થઈને તેણે પોતાના મસ્તકને જુગારના દાવપર લગાડ્યું. તેનું મસ્તક પણ લેવાની ઈચ્છાવાળા એવા આ દુષ્ટ અને ધૂર્ત જુગારીઓએ તેને જીત્યો છે... તેના આવા હાલ કર્યા છે... તેથી તે કોઈ પણ રીતે નાશી જવા ઈચ્છે છે પણ નાશી શકતો નથી.''

ઉપરોક્ત વાત જાણીને શિષ્યે કહ્યું– ''શું આ જુગારના વિકારને નથી જાણતો !... જુગારતો ધનરુપી કાષ્ટને બાળવામાં અગ્નિ સમાન છે.. મૃત્યુના મિત્ર સમાન છે અને ગુણોને નષ્ટ કરવામાં રોગ સમાન છે.''

ખરેખર ! મહા મોહને વશ થયેલા અધમ માણસો રસથી જુગારમાં મચ્યા રહે છે... તેના અનર્થ જાણવા છતાં એનો ત્યાગ કરતા નથી, તેથી સતત નિર્ધનતા... કલેશ અને અશાંતિ ભોગવે છે...

ગુરુ શિષ્યની બેલડી વ્યસનની ગુલામીના કારણે માનવીની થતી દુર્દશા નિહાળતા આગળ વધે છે. ત્યાં એમને વનમાં હજી એક વિચિત્ર દશ્ય જોવા મળે છે. તે જોતાં જ શિષ્ય આશ્ચર્ય પામે છે. કેવા કેવા પ્રકારના જીવો આ પૃથ્વીતલપર કેવા–કેવા કાર્ય કરવામાં લાગેલા છે. આ જીવોને આવા કાર્યો કરવામાં આનંદ આવતો હશે ?...શું આ જીવોને આ કાર્યોના કડવા વિપાકોની સમજણ નહી હોય ? એમ ચિંતવતા કૌતુક વશ પોતાની

સાથે રહેલા પોતાના ગુરુજીને પૂછવા લાગ્યો– ગુરુજી! આ ઉગામેલાં હથીયારવાળો પોતે દુઃખી... બીજા પ્રાણીઓને દુઃખ આપનારો... ભૂખથી વ્યાકુળ થયેલો... તૃષ્ણાથી શોષિત મુખવાળો એવો આ ઘોડેસ્વાર થઈને મધ્યાહ્ન કાલે પણ શિયાલની પાછળ કોણ દોડે છે ?

ત્યારે જવાબ આપતાં ગુરુજી કહે છે– ''લલિતપુરનો આ લાલન નામે રાજા છે.. તે હંમેશા શિકારમાં તલ્લીન થઈને વનમાંજ રહે છે... મંત્રિઓ અને મિત્રોએ વાર્યા છતાં તે શિકારના વ્યસનથી પાછો વળતો નથી તેથી રાજય કાર્યમાં ધ્યાન આપી શકતો નથી તેના પુત્રને રાજગાદિએ બેસાડી રાજાને નગર બહાર કાઢી નાખ્યો... તો પણ શિકારમાં તત્પર બનીને આ રાજા એકલો જંગલમાં જ રહે છે. માંસનો લોભી બનીને પોતાના દુઃખને સમજી શકતો નથી. જે માણસ બીજા પાસેથી પણ પ્રાપ્ત થયેલા એવા માંસને ખાય તે અધમ છે, ત્યારે પોતે જીવોને હણીને જે માંસ ખાય છે તેની વાત જ શી કરવી ?

અપવિત્ર... બીભત્સ તથા કૃમિઓથી ભરેલાં માંસને ખાતો માનવ રાક્ષસ અને શિયાળ સરખો જાણવો.

આ વાત થઈ રહી છે ત્યાં લાલન રાજા શિયાળ પાછળ દોડતાં દોડતાં ઉંધા મુખે ખાડામાં પડ્યો અને મરણ પામ્યો....

ત્યારે શિષ્યે ગુરુજીને પૂછ્યું– ''શું રાજાને આ શિકારનું ફળ મળ્યું ?

જવાબ આપતાં ગુરુજીએ કહ્યું– ''અરે ! આ તો હજી પુષ્પ મળ્યું છે. નારકીરુપ ફળ તો મળવાનું હજી બાકી છે.''

આવી જયાં વ્યસનીઓની અવદશા છે ત્યાં આવા જીવનમાં લોકપ્રિયતા ક્યાંથી સંભવી શકે ? એટલા માટે જ શાસ્ત્રકાર મહર્ષિઓએ પ્રથમ જીવનને વ્યસનોથી મુક્ત કરવાની અને પછી દાન–વિનય અને શીલ વગેરે ગુણોથી અલંકૃત કરી લોકપ્રિયતા પામી અનેકોને ધર્મ માર્ગે આગળ લઈ જવાની વાત કહી છે.

ઉદારતા... નમ્રતા... અને સદાચાર વિના દાન... વિનય... અને શીલની જીવનમાં પ્રાપ્તિ થઈ શકતી નથી અને જયાં દાન... વિનય... શીલ ન સંભવે ત્યાં લોકપ્રિયતા ક્યાંથી પામી શકાય ?

દાન એ ધર્મપ્રાપ્તિ માટેનું પ્રથમ સોપાન છે. દાનથી જ ધર્મમાર્ગમાં પ્રવેશ થાય છે. દાનથી જ ત્યાગના બીજનું વાવેતર થાય છે.

દેવાધિદેવ મહાવીરસ્વામીના જીવને સમકિત રત્નની પ્રાપ્તિ દાનથી જ થઈ હતી ને ?

આ દાનના મહિમાને જગતમાં પ્રસિદ્ધ કરવાજ તો તીર્થંકર પરમાત્મા દીક્ષા લેતા પહેલાં બાર મહિના દાન આપે છે જે સાંવત્સરિક દાન કહેવાય છે. આવી રીતે દેવાધિદેવ દરરોજ એક કરોડ અને આઠ લાખ સોના મહોર દાનમાં આપીને દાનનો સંદેશ વિશ્વના જીવોને આપે છે. જીવનના ઉત્થાનના મૂળમાં દાનના સંસ્કારો છે... દાનથી હર ઇચ્છાની પૂર્તિ થાય છે.

સંગમના ભવમાં આપેલા ખીરના દાનથી જ તો શાલિભદ્રની ઋદ્ધિ વિશ્વમાં પ્રસિદ્ધિને પામી છે.

દાનથી જ જગડુશાનું નામ આજે પણ ગાજી રહ્યું છે.

દાનનું પ્રત્યક્ષ ફળ યશ અને કીર્તી છે જયારે પરંપરાએ પુણ્ય અને મોક્ષની પ્રાપ્તિ છે.

નદી જે જે પ્રદેશમાંથી વહેતી જાય છે તે તે પ્રદેશમાં હરિયાલી જોવા મળે છે... નદી જયાં જયાંથી જાય છે. ત્યાંના માનવીઓને શાંતિ... પ્રસન્નતા... અને શીતળતા આપે છે. એવીજ રીતે શ્રાવક જયારે દાનનો પ્રવાહ વહાવે છે એ દાનનો પ્રવાહ અનેકોના સૂના જીવનમાં હરિયાળી લાવે

છે... અનેકોના જીવનમાં શાંતિ... પ્રસન્નતા... અને શીતળતા ભરી દે છે... શ્રાવક આવા દાનધર્મને જાણનારો... માનનારો... અને આદરનારો... હોય છે.

લોકપ્રિયતાના સ્વામી બનવા જીવનને જેમ દાનના ગુણથી અલંકૃત કરવાની આવશ્યકતા છે તેમજ વિનયથી જીવનને શણગારવું પણ જરૂરી છે.

ઉદાર દીલનો દાતા પણ વિનયથી જ શોભે છે અને વિનયથી જ યશ-કિર્તીને પામે છે.

દાન હોય કે વિદ્યા....

ધર્મ હોય કે સંસાર...

વહુ હોય કે બેટો...

ધંધો હોય કે નોકરી...

બધીજ જગ્યાએ વિનય અત્યંત જરૂરી છે. વિનયથી વૈરીપણ વશ થાય છે. મિત્રતાપણ વિનયથી જ ટકે છે વૃદ્ધિ પામે છે.. વિનય બધા ગુણોમાં મહાન છે. અનેક ગુણોને જીવનમાં લાવનાર છે.

***

મહેલ બનાવવો હોય તે કેમ બનાવાય ?

પ્રથમ જમીનનું શુદ્ધિ કરણ કરવામાં આવે છે.

હાડકાં વગેરે શલ્ય દૂર કરવામાં આવે છે.

ભૂમિ પૂજન કરવામાં આવે છે...

સાદર પાયો ચણવામાં આવે છે...

તેવી જ રીતે,

ધર્મનો મહેલ બનાવવાના ઇચ્છુક શ્રાવકોએ જીવનમાંથી દોષોની બાદબાકી કરવી પડે... દોષોના કચરાને દૂર કરી પ્રથમ જીવન શુદ્ધિ કરવી પડે. પછી એકમાં એક ગુણ જોડીને જીવનમાં ધર્મ મહેલનું ચણતર કરવામાં આવે છે...

વિશિષ્ટ પ્રકારના ધર્મની પ્રાપ્તિ ગુણોને આધીન છે. તેથીજ શ્રાવકના જીવનમાં ગુણોનું મહત્વ છે તેથી જ ગુણોની પ્રાપ્તિ માટે શ્રાવકે હંમેશા પ્રયત્ન કરવો જ જોઇએ. શ્રાવકનું જીવન ગુણોથી જ શોભે છે. એવા ગુણોની આપણે વિચારણા કરી રહ્યા છીએ...

લોકપ્રિયતાના ગુણોનો પ્રભાવ અનેરો છે.

દાન-શીલ અને વિનય દ્વારા જ લોકપ્રિયતાના શિખરને સર કરી શકાય છે.

દાનથી સર્વ જીવો વશ થાય છે...

દાનથી વૈરનો નાશ થાય છે...

દાનથી શત્રુ બંધુ સમાન થાય છે...

દાનથી યશ કીર્તિ પ્રાપ્ત થાય છે...

જયારે દાન સાથે શીલ જોડાય છે ત્યારે જીવન અનુપમ બને છે...

શીલ તો જીવનનું અણમોલ આભુષણ છે... શીલને દેવો પણ નમસ્કાર કરે છે... શીલથી સર્વ વિપત્તિઓ સંપત્તિરૂપ બની જાય છે... જયાં દાન અને શીલ હોય ત્યાં વિનયનો વાસ સ્વયંમેવ થાય છે... આવું જીવન અનેક અન્ય ગુણોનું ધામ બની જાય છે.

જૈન ઈતિહાસને પાને... પાને આવા અનેક લોકપ્રિય મહાપુરુષોના ચરિત્ર અંકિત થયેલ છે.

દુષ્કાળમાંસહુના બેલી બનેલા જગડુશા...

શીલના ગુણથી સુવાસિત પેથડશા....

દાન-શીલના સંગમ સમાન ધન્યકુમાર... કુમારપાળ રાજવી... અનુપમાદેવી... તેજપાળ બંધુ... વિજયશેઠ-વિજયાશેઠાણી... ઉદયન મંત્રી... આવા બધા લોકપ્રિય બનેલા મહાનુભાવોના જીવનમાં ડોકીયું કરીએ તો એમના જીવનનો અને ગુણોનો આપણને સાચો પરિચય થાય...

ચંપા નગરી...

મિત્રસેન રાજા...

ધનમિત્ર નામે શ્રેષ્ઠિ...

ધનશ્રી નામે શ્રેષ્ઠિ પત્ની...

ધનમિત્ર અને ધનશ્રીનું જીવન જિનધર્મની

આરાધના વાળું હતું. અર્થ અને કામ પુરુષાર્થની સાથે ધર્મ પુરુષાર્થ સુંદરતાથી વણાયેલો હતો..

પૂર્વભવના પુણ્યોદયે શ્રેષ્ઠિવર્યને પુત્રરત્નની પ્રાપ્તિ થઇ.. બાળકના જન્મથી પરિવારમાં આનંદ આનંદ છવાઇ ગયો. બાળકના વર્ધાપન ઉત્સવમાં ગામની સ્ત્રીઓએ બાળકને અક્ષતથી વધાવ્યો અને આશીર્વાદ આપતાં કહ્યું– ''હે પુત્ર ! તું સુજાત થાજે!

સ્ત્રીઓના આવા આશીર્વાદ સાંભળી પિતાએ બાળકનું નામ રાખ્યું સુજાત !

સુજાત ધીમે ધીમે મોટો થવા લાગ્યો... એણે યુવાવસ્થા પ્રાપ્ત કરી... પણ એને માતા–પિતા તરફથી તેમજ પૂર્વભવમાંથી કોઇ અનોખો સંસ્કાર પ્રાપ્ત થયા હતા... સમવયસ્ક યુવાનો સાથે તે વિવિધ શુભકાર્યોમાં જોડાઇ જતો...ક્યારેક પ્રભુ પૂજા–ભક્તિમાં લયલીન બનતો... કયારેક ભાવભીની સ્નાત્ર ભણાવતો... ક્યારેક આચાર્ય ભગવંત પાસે ધર્મક્રિયા સાંભળવા બેસી જતો... ક્યારેક જિન–ધર્મના સિદ્ધાંતોના ચિંતન મનનમાં સ્થિર બની જતો... ક્યારેક ગરીબોને દાન આપી જિનશાસનની પ્રભાવના કરતો... સ્વયં જિનદર્શનના આદર્શ આચારોનું પાલન કરી અનેકોને આ માર્ગમાં આકર્ષીને સ્થિર કરતો... માનવી પોતાના જીવનને સુયોગ્ય રીતે જીવે તો અનેકોને માટે ધર્મ પ્રવેશનું નિમિત્ત બની જાય છે. આવી વ્યક્તિ પરિવારમાં... સમાજમાં... શાસનમાં... નગરમાં... સહજતાથી લોકપ્રિય બની જાય છે...

આજ નગરીમાં ધર્મઘોષનામે મંત્રી છે. એની પ્રિયંગુનામે ધર્મપત્ની છે.. એકદા પ્રિયંગુની દાસીઓએ સુજાતને પોતાના મિત્રો સાથે ક્રિડા કરતા જોયા... એનું રૂપ... એની ચેષ્ટાઓ જોઇને દાસીઓ ત્યાંજ સ્થિર થઇ ગઇ... ઘણા સમય સુધી એને એક નજરે જોઇ રહી... તેથી તેમને ઘેર આવતાં વિલંબ થયો...ઘેર આવતાં પ્રિયંગુએ ઠપકો આપ્યો... ત્યારે દાસીઓએ કહ્યું ''આજે અમારો જન્મ સફળ થયો છે... આજે અમે અપૂર્વ આશ્ચર્ય નિહાળ્યું છે... આપણી નગરીમાં ધનમિત્ર શ્રેષ્ઠિનો પુત્ર સુજાત છે... તેનું વર્ણન કરવું વચનથીસંભવિત નથી... દૃષ્ટિથી જોતા જ અત્યંત સુખની પ્રાપ્તિ થાય છે... તેમનું મુખ કમળ જોયું નથી એમનો જન્મ નિષ્ફળ છે...''

પ્રિયંગુએ આ વચન સાંભળી દાસીઓને કહ્યું– ''જો અહીથી ક્યાંય નિકળતા તમે સુજાતને જુઓ તો મને બતાવશો.''

એકદા ત્યાંથી નિકળતાં સુજાતને જોઇને પ્રિયંગુ એના ઉપર મોહિત થઇ ગઇ... એનું આકર્ષક વ્યક્તિત્વ જોઇને એના હૃદયનો કબ્જોજાણે સુજાતે લઇ લીધો... પ્રિયંગુએ સુજાત જેવો વેષ ધારણ કરી બધી દાસીઓની વચ્ચે એનું અનુકરણ કરવા લાગી... સુજાત જેવી ચેષ્ટાઓ કરવા લાગી...

એજ સમયે મંત્રીશ્વરનું અચાનક ઘરમાં આવવાનું થયું ભીંતની આડશમાંથી મંત્રીશ્વરે પ્રિયંગુની સર્વ ચેષ્ટાઓ જોઇ અને સતત સુજાત... સુજાત... ના નામનો જાપ સાંભળ્યો... મંત્રીશ્વર ચમકી ઉઠ્યો... આવું બનશે તો મારા અંતપુરનો વિનાશ થશે... આ સુજાત નિશ્ચિત અહીં આવતો હોવો જોઇએ... પણ પુરાવા હાથ લાગ્યા વિના અથવા નજરે જોયા વિના દંડ કરવાથી પરિણામ સારું નહી આવે તેથી મંત્રી વિચારમાં પડ્યા હવે મારે શું કરવું ? વિચારના અંતે એમણે એક યોજના બનાવી...

એક કાગળમાં એમણે કશુંક લખ્યું અને પોતાની પાસે એક અજાણ્યા માણસને બોલાવીને પોતાની યોજના સમજાવી. અને એ કાગળ રાજાને પહોંચાડવાનું જણાવ્યું... કાગળમાં લખ્યું હતું– ''હે સુજાત ! તેં મને કહ્યું હતું કે દશ દિવસમાં હું

રાજા મિત્રપ્રભને બાંધીને તને અર્પણ કરીશ પણ હજી તેં કાર્ય પૂર્ણ કર્યું નથી… તારું તો રાજદરબારમાં આવાગમન ચાલુ છે.''

રાજએ આ પત્ર વાંચ્યો અને એ અત્યંત ક્રોધાયમાન થયો… વિચારવા લાગ્યો– ''સુજાત આવું કશું કરે એમ સંભવિત નથી. કદાચ એ અપરાધી હોય તો પણ એને પ્રગટ દંડ કરી શકાય એમ નથી… સુજાત આવો ગુન્હો કરે એવી વાત કોઇ માનવા પણ તૈયાર ન થાય. આખા નગરમાં સહુને સુજાત અત્યંત પ્રિય છે. બીજો કોઇ ઉપાય ચિંતવું''

કેવો છે લોકપ્રિયતા ગુણનો પ્રભાવ ? રાજા જેવો રાજા પણ આવા લોકપ્રિય વ્યક્તિને સજા કરવા સમર્થ નથી… એને ભય લાગે છે ક્યાંક સુજાતને સજા કરતાં પ્રજા મારા વિરોધમાં આવી જશે…

તેથી મિત્રપ્રભ રાજવીએ દેશના કાર્યના બહાનાથી સુજાતને નગરથી દૂર પોતાના સામંત રાજવી ચંદ્રધ્વજ પાસે મોકલ્યા અને જણાવ્યું – ''આ આવેલ વ્યક્તિને ગુપ્ત રીતે મારી નાંખજો.''

સુજાત રાજઆજ્ઞા મેળવી ચંદ્રધ્વજ રાજવી પાસે પહોંચી ગયો… મિત્રપ્રભ રાજાનો પત્ર આપ્યો… ચંદ્રધ્વજ રાજવી સુજાત સામે જોવા લાગ્યો વિચારવા લાગ્યો ''ક્યાંક મિત્રપ્રભ રાજાની ભૂલ થાય છે આવા સૌમ્ય… સુંદર પ્રભાવશાળી વ્યક્તિ કોઇ અકાર્ય ન જ કરી શકે… હું એને મારીશ નહીં. હું એનું રક્ષણ કરીશ.''

આવું વિચારી ચંદ્રધ્વજ રાજવીએ એકાંતમાં આ લેખ સુજાતને વંચાવ્યો. અને કહ્યું આ પ્રમાણેની રાજાજ્ઞા હોવા છતાં હું તેમ કરીશ નહી પણ તમારે ગુપ્ત રહેવું… સુજાત એ પ્રમાણે રહેવા લાગ્યો સમય જતાં ચંદ્રધ્વજે ચર્મરોગી એવી પોતાની ચંદ્રયશાબેન સુજાતને પરણાવી. સુજાત સંસારની અસારતા વિચારી સમય વ્યતીત કરે છે.. ચંદ્રયશાને ધીરે ધીરે જિનધર્મ સમજાવવે છે… આદર્શ શ્રાવિકા બનાવે છે… એકદા રોગથી પરાભવ પામી મરણને શરણ થઇ ત્યારે સુજાતે એને અંતિમ આરાધના કરાવી સમાધિ અપાવી એથી ચંદ્રયશા દેવલોકમાં ગઇ…

દેવલોક પ્રાપ્તિનું કારણ સુજાત જાણી એની પાસે આવે છે અને ઉપકારી સુજાતને પ્રણામ કરી– ''હું તમારા માટે શું કરું ?'' એમ પૂછે છે… ત્યારે સુજાતે કહ્યું– ''એકવાર કલંક રહિત થઇ માતા–પિતાના દર્શન કરું અને પછી તરત દિક્ષા અંગીકાર કરું એવું કાંઇક કરો.''

દેવ તરત ચંપાનગરી તરફ ગયા… એમણે એક વિશાળ શીલા વિકુર્વિ અને આકાશમાંથી જ રાજાને કહ્યું– '' હે રાજન્ તે દુષ્ટ મંત્રીના ખોટા લેખ ઉપર વિશ્વાસ કરીને નિરપરાધ એવાધર્મીજનોના શિરોમણી એવા સુજાતનો નાશ કરાવ્યો છે… તેનું ફળ ભોગવ પરિવાર અને પ્રજા સહ… હું સહુને યમનગરીમાં પહોંચાડીશ…

આવી આકાશવાણી સાંભળી રાજવી ઘબરાયો એણે તરત દેવને પ્રાર્થના કરી– ''હે દેવ! આપ દયારહિત ન બનો… હવે મારે શું કરવું તે જણાવો… આજ્ઞા આપો… હું તમારી આજ્ઞા પાળવા બંધાયેલો છું''

દેવ બોલ્યા– ''હા ! તમને તમારા પરિવારને તમારી પ્રજાને બચાવવું હોય તો એક રસ્તો છે… જલ્દીથી અત્યંત સન્માન પૂર્વક એને ચંપાનગરીમાં પ્રવેશ કરાવ.''

રાજાએ વાતનો સ્વીકાર કર્યો અને પૂછયું– ''હાલમાં તે ક્યાં છે ?'' દેવીએ જણાવ્યું નગર બહાર ઉદ્યાનમાં બિરાજમાન છે…

વાત સાંભળી તરત રાજાએ મોટા મહોત્સવ પૂર્વક સુજાતને નગર પ્રવેશ કરાવ્યો… સુજાતના માતા–પિતા તેમજ નગરજનો અત્યંત હર્ષિત થયા સર્વત્ર આનંદ આનંદ વ્યાપી ગયો…

જિનધર્મની પ્રભાવના થઇ... જૈનં જયતિ શાસનમ્‌ના નાદથી આકાશ ગુંજી ઉઠ્યું ત્યાં રાજાજ્ઞા લઇને સુજાત માતા-પિતા અને અનેક ભવ્ય જીવો સાથે સંયમ સ્વીકારે છે... સુંદર સંયમની આરાધના કરી સદ્‌ગતિને પ્રાપ્ત કરે છે.. આગળ કેવળજ્ઞાન પામી... નિર્વાણ પદને પ્રાપ્ત કરશે...

અહિં જે જિનશાસનની પ્રભાવના થઇ... જૈન ધર્મનો જય જયકાર થયો... એની પાછળ ક્યું રહસ્ય હતું-શુદ્ધ રીતે પ્રાપ્ત કરેલ લોકપ્રિયતા !

આ લોકપ્રિયતા અનેકોના જીવનમાં સદ્‌માર્ગના, સદ્‌ધર્મના બીજની વાવણી કરે છે. સ્વયંને તો સિદ્ધિ પ્રાપ્ત થાય જ છે પણ એની અનુમોદના દ્વારા અનેક જીવો ધર્મ પામી જાય છે. તેથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ શ્રાવકના ગુણોમાં લોકપ્રિયતાને સ્થાન આપ્યું છે...

આપણે સાચા શ્રાવક બનવા આ ગુણને જીવનમાં લાવવું જ રહ્યું આ ગુણને જીવનમાં મેળવવા યથાશક્તિ દાન આપી... એક બીજાને સહાયતા કરવાની તક ઝડપવી જ રહી... આર્ય સંસ્કૃતિમાં પ્રસંશા પામેલા શીલ સદાચારને જીવનમાં લાવવાજ રહ્યા... સર્વ ગુણોના વિદ્યાના મૂળ સમાન વિનયને સાચવવું જ પડશે...

કેરીના ઝાડને કોયલને આમંત્રણ નથી આપવું પડતું પણ મંજરી આવે એટલે કોયલ સ્વયંમેવ ઝાડ પાસે દોડી આવે છે...

ફુલોના છોડવાને ભમરાને બોલાવવા નથી જવું પડતું... પુષ્પ ખીલે સુગંધ પ્રસરે તો ભમરા સ્વયંમેવ ગુંજારવ કરવા લાગે છે.

વ્યક્તિને પોતાના નામનો જાતે પ્રચાર નથી કરવો પડતો... ગુણો આવી જાય તો લોકોના ટોળાને ટોળા સ્વયંમેવ પ્રસંશા કરવા લાગે છે... વ્યક્તિ લોકપ્રિય બની જાય છે.

સાચી લોકપ્રિયતાને પામવા પૈસાની જરૂર નથી...

સાચી લોકપ્રિયતાને પામવા પ્રચારની જરૂર નથી...

સાચી લોકપ્રિયતા પામવા ટોળા-ટોળા ભેગા કરવાની જરૂર નથી.

એક વખત અજમાવી જુઓ...

જે આવે એની સાથે પ્રેમથી સસ્મિત વાત કરવી...

વડિલોનો વિનય સાચવવો...

દૃષ્ટિ નિર્મળ અને નિર્વિકાર રાખવી...

સહુને સહાયતા કરવા સદા તૈયાર રહેવું...

બસ તમને સ્વયંમેવ અનુભવ થશે કે લોકપ્રિયતા તમારા ચરણ ચુમતી આવશે...

## ૫ અક્રૂર

**ક્રૂરો કિલિટ્ઠભાવો,**
**સમ્મં ધમ્મં ન સાહિઉ તરઈ।**
**ઈય સો ન એત્ય જોગો,**
**જોગો પુણ હોઈ અક્કરો ॥**

જયાં ક્રૂરતા છે... ત્યાં ક્લિષ્ટ પરિણામ છે...

જયાં ક્લિષ્ટ પરિણામ છે... ત્યાં ધર્મ સંભવતો નથી...

ધર્મ કરવો હોય તો જોઇએ અક્લિષ્ટ પરિણામ...

અને અક્લિષ્ટ મનના પરિણામ જોઇતા હોય તો અક્રૂરતા અનિવાર્ય છે.

એથી જ શ્રાવકના ગુણોની વિચારણા કરતાં પાંચમા ગુણને જણાવતાં શાસ્ત્રકાર મહર્ષિઓ કહે છે. શ્રાવક અક્રૂર હોય છે.

ક્રૂરતા કરુણા અને મૈત્રીના પરિણામની ઘાતક છે. ક્રૂર માનવી સદા પરના છિદ્ર જોવામાં જ લાગેલો છે. પરના છિદ્ર જોવાથી મન હંમેશા કલુષિત રહે છે. મનને ક્યાંય શાંતિ મળતી નથી...સારું જાણવા સમજવાના ભાવ જાગતા નથી...

આજની દુનિયામાં માનવામાં આવે છે ''નાનું કુટુંબ-સુખી કુટુંબ'' પણ પરમાત્માનું શાસન કહે છે ''ગુણી જીવન... સુખી જીવન'' જીવનનેસુખ ભરપૂર બનાવવું હોય તો પહેલા મનને સુખી બનાવવું પડે.. મનને સુખ ક્યાં મળશે ગુણોના બગીચામાં કે ગંદગીના ઉકરડા ઉપર ? આજે આપણે આપણા જીવનને બગીચા જેવું બનાવવાની જરૂર છે. પણ એથી ઉલટું આજે આપણે આપણા મનમાં દુનિયા આખાની ગંદગી ભરવા તૈયાર થયા છીએ... આપણા સ્વયંના જીવનને સ્વયંના હાથે ઉકરડો બનાવી રહ્યા છીએ...

પાશ્ચિમાત્ય જીવન પદ્ધતિએ શ્રાવકોના જીવનને પણ કલંકિત કર્યા છે. પ્રેમ અને મૈત્રીના પાઠ ભુલાવી દીધા છે. સામાન્ય સ્વાર્થ માટે ભાઇ-ભાઇને મારવા તૈયાર થઇ જાય છે... બેટો બાપને મારવા તૈયાર થઇ જાય છે... સાસુ-સસરા ભેગામળી વહુને બાળવા તૈયાર થઇ જાય આ બધું આપણા ક્રૂર -હિંસક માનસનું પરિણામ છે.

જયાં કોકને જાનથી મારી નાંખવા સુધીની ક્રૂરતા ભરેલી હોય ત્યાં ધર્મ વૃક્ષના ફણગા ક્યાંથી ફૂટી શકે. આવા જીવનમાં ધર્મની અપેક્ષા રાખવી એજમૂર્ખતા છે.

પત્થર ઉપર કમળ ન ઉગી શકે તેમ ક્રૂરતાથી ભરેલા હૃદયમાં ધર્મ કદાપિ ન હોઇ શકે.

શાસ્ત્રો લખે છે નારીના પરિણામ અત્યંત કિલષ્ટ કયારેયનથી બની શકતા તેથી નારી વધારેમાં વધારે છઠ્ઠી નારકીએ જ જઇ શકે-સાતમી નારકીમાં નજ જઇ શકે. પણ આજના સમયમાં નારીની ક્રૂરતાને જોઇ આત્મા રડવા માંડે છે. શ્રાવકના ઘરમાં જો નારી આવા ક્રૂર પરિણામવાળી બનશે તો ધર્મ ક્યાંથી ટકશે ?

એક દિવસ બપોરનો સમય... ઉપાશ્રયમાં શાંતિ હતી... આવાગમન ન હતું. એક પરિચિત બેન આવ્યા. વંદન કરી, સુખશાતા પૂછી પાસે બેઠા. આજુ બાજુ નજર કરી કોઇ ન દેખાતાં કહ્યું- ''સાહેબજી ! આલોચના લેવી છે.''

મારાથી પૂછાઇ ગયું- ''શેની આલોચના લેવી છે.''

બેન નીચે જોઇ ગયા... એમની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. મને કશું ન સમજાયું. થોડા સમય પછી એમણે કહ્યું - ''સાહેબ જી ! બધાની વાતોમાં આવીને હું ભાન ભૂલી ગઇ... ન કરવાનું કરી બેઠી, સાહેબ ! મને બધાએ સમજાવ્યું ત્રણ મહિના સુધી ગર્ભમાં જીવ નથી હોતો અને મેં ગર્ભપાત કરાવી દીધો. સાહેબ! હવે ક્યાંય ચેન નથી. આત્મા સતત ડંખ્યા કરે છે. સાહેબ ! એ જીવનું શું થયું હશે ? સાહેબ ! મારું શું થશે ? સાહેબ મને બચાવી લો આ ભૂલ એકવાર નહિં બેવાર મારા હાથે થઇ ગઇ છે.

હું સાંભળતી જ રહી... મારા દિમાગે વિચાર કરવાની શક્તિ ગુમાવી દિધી... મને પોતાના કાન ઉપર વિશ્વાસ ન બેઠો. શું શ્રાવકના કુળમાં જન્મેલી બાલિકાએ, જે હાથોથી જિનેશ્વર દેવની પૂજા કરી છે, અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોને વંદના કરી છે... જે હાથોથી અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોને દાન આપ્યું છે, એજ હાથ પંચેન્દ્રિય... નિષ્પાપ જીવની હત્યાથી ખરડાયેલા છે ? માતા જ પોતાના બાળકની હત્યારી બની છે. ક્ષણવાર તો મેં મગજની સમતા ગુમાવી હોય એવું લાગ્યું મનને થયું કહિ દઉં આ બેનને- ''ચાલીજા અહીંથી... અમારા ઉપાશ્રય અભડાવવા ફરી અહીં ન આવતી. પરાણે મન ઉપર સંયમ મેળવ્યો.

ત્યાં બેન ફરીથી કહ્યું- ''મહારાજ સાહેબ ! એકવાર આલોચના આપી દો ફરીવાર આવી ભૂલ નહી થાય. ''આગળ કહ્યું - ''સાહેબ ! જેટલા કહેશો એટલા ઉપવાસ કરી નાખીશ.''

બેન ભૂલની આલોચના હોય પણ આપણે જાણી જોઇને સ્વયંના સુખ ખાતર જ્યારે નિષ્પાપ પંચેન્દ્રિય જીવની ક્રૂરતાથી હત્યા કરીએ છીએ ત્યારે એની આલોચના શું હોઇ શકે ? અને એકની એક ભૂલને ઠંડે કલેજે દોહરાવીને તમે એની આલોચના લેવા આવ્યા છો. હું નથી જાણતી એની શું આલોચના હોઇ શકે ? તમે કોઇ ગીતાર્થ આચાર્ય ભગવંત પાસે આલોચના લો એ યોગ્ય છે.''

બેને તો વિદાય લીધી. પણ આજના સંસારની ભયાનકતાના જે બીજ મારા મસ્તિષ્કમાં વાવી ગયા તેની ભયંકરતાના વિચાર આજે પણ મારા મગજમાંથી વિદાય લેતા નથી.

સ્વાર્થ અને સુખ કેન્દ્રિત જીવ સ્વયંના સુખને માટે શું કરશે એનો ભરોસો નથી.

થોડા દિવસ ઉપર આવી જ એક વાત સાંભળવા મળી. એક બાલિકા સ્કૂલનું શિક્ષણ પૂરું કરી કોલેજમાં ગઇ. કોલેજમાં અભ્યાસ કરતા કોઇ યુવાનની સાથે પરિચય થયો. પરિચય ધીમે ધીમે પ્રણયમાં પરિણમ્યો. ઘણા વિરોધને અંતે બન્ને પક્ષે લગ્ન માટે સંમતિ આપી. બન્નેના લગ્ન થયા થોડા દિવસ બધું બરાબર ચાલ્યું.

એક દિવસ પત્નીએ પતિને કહ્યું – ''આ ગામડામાં ન તો તમે આગળ વધી શકશો... ન તો મને સ્વતંત્રતા મળી શકશે.. એના કરતાં આપણે શહેરમાં જઇશું. આનંદથી રહીશું.''

પતિ પત્નીની વાત સાંભળી રહ્યો. એણે જવાબ ન આપ્યો.

પણ એમ વાતને છોડી દે એ બીજા ! પત્નીએ બે–ત્રણ વખત એજ વાત પતિપાસે કહી પતિએ કહ્યું– ''સાંભળ! હું મારા માતા–પિતાનો એકનો એક દિકરો છું. મને મોટા કરવા ભણાવવા એમણે ઘણા કષ્ટ વેઠ્યા હવે એમને આરામ આપવાના દિવસોમાં હું એમને છોડીને દૂર જાઉં એ યોગ્ય ન ગણાય. માટે ખોટી જીદ છોડી દે જે... જે જેવું છે એમાં સંતોષ માની લે.''

પત્નીએ પતિને સમજાવવા પ્રયત્ન કર્યો... બન્નેને એક બીજાને સમજાવવામાં નિષ્ફળતા મળી. છેવટે પત્નીએ પતિને ચેતવણી આપી મારી વાત નહિં માનો તો પરિણામ સારું નહીં આવે.

અને થોડા દિવસમાં પત્નીએ કામથી સાંજે ઘેર આવતા પતિને રસ્તામાંજ ખલાસ કરાવી દિધા.

પ્રેમ અને વાત્સલ્યની મૂર્તિ કહેવાતી આર્યનારી જ્યારે હત્યારી બની છે ત્યારે ધર્મની અપેક્ષા ક્યાંથી રાખવી. આવા ક્રૂર જેના મનના પરિણામ હોય એના હૃદયમાં ક્યારેય ધર્મની યોગ્યતા હોઇ શકે ખરી ?

હા ! પરમાત્માના શાસનમાં ચોર... લુંટારા અને હત્યારા પણ તરી ગયા. પણ વિચારો ક્યારે? જ્યારે એ જાગ્યા, એમને પોતાની ભૂલ સમજાઇ જેટલી ભૂલ મોટી હતી એટલો પશ્ચાતાપ પણ ઊંડો હતો એટલીજ આરાધના પણ જબરજસ્ત હતી. આજે આપણે ભૂલો પર ભૂલો, પાપો પર પાપો કરતા જઇએ છીએ. પણ એની પાછળ નથી સાચો પસ્તાવો... નથી પાપને છોડવાની પ્રતિજ્ઞા નથી કોઇ પ્રાયશ્ચિત. પછી જીવન શુદ્ધિ કેમ સંભવી શકે?

જીવન જ્યાં સુધી ક્રુરતાથી ભરેલું છે ત્યાં સુધી સતત અશુભ ધ્યાન અને અશુભ વિચારોના વમળમાં આત્મા ફસાયેલો છે. આવા આત્મામાં શુભ વિચારો માટેનો અવકાશ પણ મળતો નથી તો શુદ્ધ ધર્મ કેવી રીતે પ્રવેશી શકે ?


ધર્મ માર્ગમાં પ્રવેશ કરવા ક્રુરતાને દૂર કરવાની આવશ્યકતા છે. અક્રૂર બનીને જ ધર્મ આચરી શકાય છે. ક્રૂર માનવી કદાચિત ધર્મ માર્ગમાં ઘૂસી જાય તો પણ ત્યાં ધર્મ ટકી શકતો નથી. પ્રથમ હૃદયમાંથી ક્રૂરતા જાય પછી જ ધર્મનો વાસ થાય.

ચિલાતિપુત્ર સુષ્માનું મસ્તક અને લોહીથી ખરડાયેલી તલવાર લઇને જંગલભણી દોડી રહ્યો છે ત્યાં એને એક વૃક્ષનીચે ધ્યાનસ્થ દશામાં ઉભેલા મુનિ દેખાયા. મુનિને તલવાર બતાવી કહે છે– ‘‘ધર્મ બતાવો નહિં તો એના જેવા જ તમારા હાલ થશે.’’

મુનિએ –‘‘ઉપશમ, વિવેક અને સંવર’’ ત્રણ શબ્દમાં ધર્મ કહિ સંભળાવ્યો અને આકાશમાં ઉડી ગયા.

ચિલાતીપુત્ર મુનિના સ્થાને ધ્યાનસ્થ બને છે. અને ઉપશમ–વિવેક–સંવર ઉપર ચિંતન કરે છે. ક્રૂરતા માનવીની વિચાર શક્તિનો નાશ કરે છે. માનવી આવેશમાં ભાન ભૂલે છે. સારાસારનો વિવેક ભૂલે છે. સંવરની સાધના દૂર રહી જાય છે. આ બધી વાતનો ચિલાતીપુત્રને ખ્યાલ આવે છે. ચિલાતિપુત્રની ગાડી અશુભમાંથી શુભ તરફ પ્રયાણ કરે છે. પ્રથમ ક્રૂરતા .પર વિજય મેળવ્યો. કષાય મંદ પડ્યા. ચિલાતીપુત્ર શાંતિથી ચિંતનની દુનિયામાં આગળ વધ્યા ખ્યાલ આવ્યો રાગ–દ્વેષમાં શાંતિ નથી અશાંતિ છે. હાથમાંથી સુષ્માનું મસ્તક અને તલવારનો ત્યાગ કર્યો. ઉપશમમાંથી વિવેક અને વિવેકમાંથી સંવરમાં પ્રવેશ કર્યો. અને અંતે આત્મકલ્યાણ કર્યું.

બધાના મુળમાં ક્રૂરતાના ત્યાગનું મહત્વ છે. આપણે આપણા હૃદયને તપાસીએ ત્યાં ક્રૂરતાનો વાસ છે કે અક્રૂરતાને સ્થાન છે. જાણતાં અજાણતાં ક્રૂરતાનો પ્રવેશ ન થઇ જાય એના માટે જાગૃત બનીએ અને અક્રૂરતાને વધુ ને વધુ મજબૂત બનાવીએ.



# જીવ-વિચાર

બે અને ત્રણ ઇન્દ્રિયવાળા જીવોનો પરિચય મેળવ્યા પછી આવો આપણે ચઉરેન્દ્રિય જીવોને જાણીએ–

**चउरिंदियाय विच्छु,**
**ढिंकुण भमराय भमरिया तिड्डा ।**
**मच्छिय डंसा मसगा,**
**कंसारी कविल डोलाइ ।।१८।।**

ભાવાર્થ :– વીંછી, બગાઇ, ભમરા, ભમરી, તીડ, માંખી, ડાંસ, મચ્છર, કંસારી, કપિલ તથા ખડમાંકડી આ ચઉરેંદ્રિય જીવો છે...

ઉપર જણાવેલા ચઉરેંન્દ્રિય જીવોની પણ બે ઇન્દ્રિય અને તેઇન્દ્રિય જીવોની જેમ જયણા પાળવાની છે સાથે સાથે આપણો આત્મા આવા બધા જીવાયોનિમાં અનંતીવાર જન્મ–મરણ કરી ચૂક્યો છે. એટલે જ તો કહ્યું છે–

**न सा जाइ, न सा जोणी,**
**न तं ठाणं, न तं कुलं ।**
**न जाया न मुआ जत्थ,**
**सव्वे जीवा, अणंतसो ।।**

એવી કોઇ જાતિ નથી... એવી કોઇ યોની નથી... એવું કોઇ સ્થાન નથી... એવું કોઇ કુળ નથી, જયાં સર્વ જીવો અનંતીવાર જન્મ્યા ન હોય... અને મર્યા ન હોય.

આપણો આત્મા નિગોદથી માંડીને સૂક્ષ્મ એકેન્દ્રિય... બાદર એકેન્દ્રિય... બે ઇન્દ્રિય... તેઇન્દ્રિય... ચઉરિન્દ્રિય આદિમાં અનાદિ કાળથી ભટકતો રહ્યો છે.. કયાંક અકામ નિર્જરાથી વર્તમાનમાં એને પંચેન્દ્રિય પણું... મનુષ્યભવ અને આવી સૂક્ષ્મ સમજણ આપતું પરમાત્માનું શાસન મળેલું છે... તો આ ભવમાં જાગીને ભવભ્રમણને ભાંગવા માટેનો ભગીરથ પુરુષાર્થ આદરવો જોઇએ; જેથી ફરી આવી ગતિઓમાં એને ભમવું ન પડે. જીવોના પ્રકાર... ભેદ–પ્રભેદ... જીવનું ભવભ્રમણ... આ બધાનો જો ઉંડાણથી વિચાર કરવામાં આવે તો જીવનમાં વૈરાગ્ય... ભવનિર્વેદ... આદિ ગુણોની પ્રાપ્તિ થાય. અને જીવદયા જયણા આદિમાં વૃદ્ધિ થાય... આત્મા ધર્માભિમુખ બને છે. જીવદયાના સાચા પરિણામ વગર જીવનમાં સાચી શાંતી અસંભવિત છે. જેઓ પણ આત્મ કલ્યાણને સાધી શક્યા છે... એમણે જીવદયા ને પ્રાણથી પણ અધિક મહત્વ આપ્યું છે.

એક નગરીમાં બ્રાહ્મણ પુત્ર... ભણવામાં ઘણો હોશિયાર છે... કાશી જઇને વિદ્યામાં પારગામી બને છે... આટલો વિદ્વાન પંડિત હોવા છતાં જયાં ત્યાં એને અપયશ મળે છે... કોઇ કાર્યમાં યશ મળતું નથી... કંટાળી જાય છે... ત્રાસી ઉઠે છે... એકદા જ્ઞાની મુનિરાજ મળી જતાં પ્રશ્ન પુછે છે. ''આટલી વિદ્વતા હોવા છતાં અપયશનું કારણ શું ?''

જ્ઞાની ભગવંત જવાબ આપતાં જણાવે છે– ''હે વત્સ ! પૂર્વ ભવમાં તે સંયમનો સ્વીકાર કર્યો હતો... પણ જીવદયાના સુંદર પરિણામોને આત્મસાત્ ન કરવાથી તું શિથિલાચારી બન્યો જેના પરિણામે આ ભવમાં વિદ્યા પામ્યો પણ અપયશ મળે છે. ફરી સંયમ લઇને રોમે રોમે જીવદાયને વસાવી લે તારું અપયશ... મહાયશમાં ફેરવાઇ જશે.''

કેવો અદ્ભૂત મહીમા છે જીવદયાનો !

જ્ઞાની ગુરુ ભગવંતની વાણી સાંભળી

પોતાનો પૂર્વભવ જાણી... વૈરાગ્ય પામી આ બ્રાહ્મણ પુત્રે સંયમનો સ્વીકાર કર્યો અને જયણા અને જીવદયાને જીવનમંત્ર બનાવ્યો. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુના પણ જીવનનો વિચાર કરવા લાગ્યા એમના અદ્‌ભૂત સંયમ પાલનની ઈન્દ્ર મહારાજાએ દેવલોકમાં પ્રસંશા કરી.

માનવીની ઈન્દ્રમુખે થતી પ્રસંશાથી ઈર્ષ્યા પામેલો એક દેવે મુનિરાજને જીવદયાના ભાવથી પતિત કરવાની પ્રતિજ્ઞા લીધી અને તેઓઆ ધરતિ ઉપર પધાર્યા... ધ્યાનસ્થ દશામાં ઉભેલા મુનિરાજ પાસે આ દેવ હાથીનું રૂપ લઇને આવ્યા... સુંઢમાં પકડીને ગોલ ગોલ ફેરવીને આકાશમાં ઉછાળ્યો... આકાશમાં ઉછળી રહેલા મુનિરાજ નીચે પછડાતાં મારું શું થશે ? એનો વિચાર કરવાને બદલે મારા નીચે પછડાતા શરીર નીચે કેટલાય નિર્દોષ જીવો કચડાઇ જશે ? એની વિચારણા કરવા લાગ્યા... એમની વેદનાનો વિચાર કરતાં આંખો ભીની બની ગઇ... પોતાની વેદના ભૂલી ગયા...

અવધિજ્ઞાનથી મુનિરાજની આવી અલૌકિક જીવદયાની વિચારણા જાણીને દેવ મુનિરાજના ચરણોમાં નમીને માફી માંગે છે... ક્ષમાની યાચના કરી... એમના જીવદયા પરીણામની ઘણી ઘણી પ્રસંશા... અનુમોદના કરી સ્વ સ્થાને જાય છે... મુનિરાજ આત્મકલ્યાણ સાધે છે.

જીવ-વિચારના અભ્યાસ દ્વારા જીવદયાના આવા પરિણામ આપણા હૃદયમાં પ્રગટે... જીવ-વિરાધનાથી આત્મામાં ભય...ધ્રુજારી નિર્માણ થાય. સર્વ જીવોના સુખની સુંદર ભાવના વૃદ્ધિંગત થાય. પ્રાણના ભોગે પ્રાણીને બચાવવાની... જીવના ભોગે જીવોને અભયદાન આપવાની અણમોલ વિચારણા આપણા રોમ રોમમાં વ્યાપી જાય એજ જીવ-વિચાર ભણ્યાનું જાણ્યાનું સાચું ફળ છે.

આ એકેન્દ્રિયથી માંડી ચઉરેન્દ્રિય સુધીના તમામ જીવો વિકલેન્દ્રિય કહેવાય છે. વિકલ= ઓછી. બધી મળીને કુલ પાંચ ઈન્દ્રિયો છે. એથી એકાદ પણ ઈન્દ્રિય ઓછી જે જીવને હોય છે તે જીવ વિકલેન્દ્રિય કહેવાય છે.

જયારે દુનિયામાં હિંસાનું તાંડવ નૃત્ય ચાલે છે.. ઈંડાને શાકાહારી જણાવીને પ્રચાર કરીને... એને ખવડાવવા યુવાનોને લલચાવી રહ્યા છે... માંસાહારી હોટેલો દિવસે દિવસે વધી રહી છે... આવા સમયે જીવ-વિચારનું જ્ઞાન અતિ આવશ્યક બની જાય છે... આપણે એકેન્દ્રિય બેઈન્દ્રિય, તે ઈન્દ્રિય, ચઉરિન્દ્રિયની વિચારણા કરી લીધી હવે આપણે પંચેન્દ્રિય જીવોનો વિચાર કરવાનો છે... પંચેન્દ્રિય જીવોમાં ચારે ચાર ગતિના જીવોનો સમાવેશ થાય છે... નારકીના જીવો... તિર્યંચગતિના જીવો... મનુષ્યગતિના જીવો એવમ્ દેવગતિના જીવો...

**पंचिंदिया य चउहा,**
**नारय तिरिया मणुस्स देवाय,**
**नेरइया सतविहा नायव्वा**
**पुढवि भेओणं ।।१९।।**

પંચેન્દ્રિય જીવો નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવના ભેદથી ચાર પ્રકારના છે એમાં પૃથ્વીઓના ભેદથી નારકો સાત પ્રકારના જાણવા.

જૈન ભૂગોળની વ્યવસ્થાની વિચારણા કરીએ તો ખ્યાલ આવશે કે નાકરો વિશ્વ વ્યવસ્થામાં નીચેના ભાગમાં છે જયાં દુઃખ (પાપની વિપુલતા) છે... એનાથી ઉપર એથી ઓછા દુઃખ (પાપ) વાંળા તિર્યંચ તથા સુખ-દુઃખના (પાપ-પુણ્યના) મિશ્ર ફળ ભોગવતા મનુષ્યો છે... એનાથી ઉપર વધારે સુખ (પુણ્ય) ભોગવતા વિવિધ દેવો છે અને જૈન ચૌદ રાજલોકના ઉચ્ચ સ્થાને અનંત, શાશ્વત સુખને ભોગવતા સિદ્ધો છે...

પંચેન્દ્રિય જીવો એવા છે જે ચાર ગતિ અને ત્રણે લોકમાં વ્યાપ્ત છે... આ જીવો ભલે પોતાના કર્માનુસાર પુણ્ય પાપને ભોગવતા હોય પણ પુરુષાર્થ દ્વારા પાપને અટકાવી પુણ્યની વૃદ્ધિ કરવા... પાપને ખપાવવા... સમર્થ છે... એમાં આપણો બધાનો નંબર તો મનુષ્યમાં આવે છે... જે ધારે તો બધા કર્મ ખપાવી... સંસારમાંથી બહાર નીકળી મુક્ત બની શકે. સંસારચક્રમાંથી છુટવા જયણા અને કરુણા જોઇએ... જયણા અને કરુણા માટે જીવ–વિચારનું ઉંડુ જ્ઞાન જોઇએ.

ચૌદ રાજલોકમાં નીચેના સાત રાજલોકમાં સાત નારક પૃથ્વીઓ છે જેના નાામ–ગોત્ર અને લંબાઇ નીચે મુજબ છે :–

| નારકી | નામ | ગોત્ર | લંબાઇ |
|---|---|---|---|
| ૧. | ધમ્મામા | રત્નપ્રભા | ૧ રાજ |
| ૨. | વંશા | શર્કરપ્રભા | ૨ રાજ |
| ૩. | શેલા | વાલુકાપ્રભા | ૩ રાજ |
| ૪. | અંજના | પંકપ્રભા | ૪ રાજ |
| ૫. | રિષ્ટા | ધુમપ્રભા | ૫ રાજ |
| ૬. | મઘા | તમઃપ્રભા | ૬ રાજ |
| ૭. | માઘવતી | તમસ્તમઃપ્રભા | ૭ રાજ |

દરેક પૃથ્વીમાં નીચે આકાશદ્રવ્ય હોય છે... તેના અમુક ભાગમાં તનુવાત... તેમાં ઘનવાત... તેમાં ઘનોદધિ... તેમાં નારક પૃથ્વી હોય... આ નારક પૃથ્વીમાં નરકના જીવો કુંભીમાં ઉત્પન્ન થાય છે... રહે છે... વિવિધ પ્રકારના દુઃખોને (પાપોને) ભોગવે છે...

સતત દુઃખને ભોગતા નરકના જીવને ક્ષણવાર પણ દુઃખથી મુક્તિ મળતી નથી... પણ જ્યારે તીર્થંકર પરમાત્માનો જન્મ થાય ત્યારે સાતે નરકમાં ક્ષણવારને માટે અજવાળું થાય અને નરકના જીવોને ક્ષણવાર સુખની અનુભૂતિ થાય છે... ત્યારે કેટલાક નારકો પરમાત્માનું કલ્યાણક જાણી એની અનુમોદના કરી સમ્યક્ત્વને પણ પ્રાપ્ત કરે છે.... આવી ઘટનાઓ વિરલ બને છે... પણ અસંભવિત નથી...

ક્ષાયિક સમકિતના સ્વામિ એવા શ્રેણિક રાજા જેવા તીર્થંકર બનનાર આત્માઓ પણ પૂર્વ બાંધેલા આયુકર્મના ઉદયે નરકમાં જાય છે... પણ સમતાથી કર્મ ભોગવી... નવા ન બાંધતા અદ્ભૂત કર્મ–નિર્જરા કરે છે...

આથી એમ નથી લાગતું ક્ષેત્ર ગમે તે હોય પણ જ્ઞાની કર્મો તોડે છે અને અજ્ઞાની ક્ષણે ક્ષણે કર્મ બાંધે છે. જ્ઞાનની બલિહારી છે. જ્ઞાની નરકમાં કર્મ તોડી શકે... જ્યારે અજ્ઞાની સમવસરણમાં પણ કર્મ કર્મ બાંધી શકે...

સાત પ્રકારના નરકના જીવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ભેદ કરતાં ચૌદ ભેદ નારકીના થાય છે.



# નવતત્વ... (પાપ તત્વ તથા આશ્રવ તત્વ)

**પાપ તત્વ**

વિશ્વમાં દુઃખ...દર્દ દોષોનું સામ્રાજ્ય શા માટે?

અનુકુળતાની ઇચ્છા... એ માટે જ પુરુષાર્થ, છતાં જીવનમાં પ્રતિકુળતા શા માટે ?

જીવ માત્રને દુઃખી કરનાર કોઇ તત્ત્વ હોય તો તે પાપતત્ત્વ છે... પાપ કર્મ છે...

બધાજ જીવો સુખને ઇચ્છે છે પરંતુ સુખ મળતું નથી... દુઃખ પીછો છોડતો નથી એનું મૂળ કારણ પાપ છે... આપણી જ પૂર્વ જીવનની અશુભ પ્રવૃત્તિ છે.

લીમડો કે બાવળ વાવનારને કેરી ક્યાંથી મળે?

અશુભ કર્મો કરીને આવેલ જીવને શુભ ફળ ક્યાંથી મળે ?

પાપ કર્મ કરીને આવેલા જીવને સુખ ક્યાંથી મળે ?

પાપ અને પુણ્યની રમત અજબ-ગજબની છે. આપણે અનાદિથી એમાં અટવાયેલા છીએ. સત્વરે આ રમતને સમજીને એમાંથી ખસી જવાની જરૂર છે. જયારે સમજમાં આવશે આ વાત ત્યારે સમય નહીં લાગે. આવો ! આપણે પાપ તત્ત્વને સમજવા પ્રયત્ન કરીએ. પાપ કર્મ આપણને સારું જ્ઞાન-ધ્યાન ન આપે... લાભ-દાન-ભોગ-ઉપભોગ અને એની સામગ્રી ન આપે. સારી ગતિ, સારું શરીર, સારું સ્વાસ્થ્ય, સારું બળ-શક્તિ, યશકિર્તિ વિગેરે પણ પ્રાપ્ત થવા ન દે.

નથી જોઇતા આવા ફળ તો અટકી જઇએ પાપકર્મના બંધથી. આજથી જ આ ક્ષણથી જ અઢાર પાપના સ્થાનોથી દૂર થઇ જઇએ. પાપથી બચીએ... દુઃખથી અટકિએ...

**नाणंतराय दसगं, नवबीए नीअसाय मिच्छतं ।**
**थावर दस नरय तिगं, कसाय पण वीस तिरिय दुगं।।१८।।**

જ્ઞાનાવરણીય અને અન્તરાય મળીને દશ, બીજામાં નવ, નીચ ગોત્ર,અશાતાવેદનીય, મિથ્યાત્વ મોહનીય, સ્થાવર દશક, નરકત્રિક, પચીસ કષાય અને તિર્યંચદ્વિક-

પાપ પ્રતિકુળતાને આપનાર છે. પાપ ૮૨ પ્રકારે ભોગવાય છે. તે ૮૨ પ્રકાર અહીં વિસ્તારથી બતાવવામાં આવ્યા છે.

જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મ ના દશ ભેદ પાપ કર્મમાં આવે છે. તે નીચે મુજબ છે :-

**૧. મતિજ્ઞાનાવરણીય કર્મ :-** ઇન્દ્રિય અને મનથી જાણીએ તે મતિજ્ઞાન એને આવરણ કરે તે મતિજ્ઞાનાવરણીય કર્મ.

**૨. શ્રુતજ્ઞાનાવરણીય કર્મ :-** સાંભળીને, સદ્શાસ્ત્રનું જે જ્ઞાન પ્રાપ્ત થાય તે શ્રુતજ્ઞાન એને આવરણ કરે તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ.

**૩. અવધિજ્ઞાનાવરણીય કર્મ :-** અવધિ એટલે મર્યાદા મર્યાદામાં રહેલા રુપી પદાર્થોને જાણવું તે અવધિજ્ઞાન તેને આવરણ કરે તે અવધિજ્ઞાનાવરણીય કર્મ.

**૪. મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ :-** અઢી દ્વિપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવા તે મનઃપર્યવજ્ઞાન. તેને આવરણ કરે તે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ.

**૫. કેવળજ્ઞાનાવરણીય કર્મ :-** અખંડપણે લોકાલોકનું તથા રૂપી-અરૂપી સર્વ દ્રવ્યોનું તથા

જીવાજીવના સર્વ પર્યાયનું સમકાળે જાણવું તે કેવળજ્ઞાન. તેને આવરણ કરે તે કેવળ જ્ઞાનાવરણીય કર્મ.

**૬. દાનાંતરાય કર્મ :-** જેના કારણે શક્તિ સંયોગ હોવા છતાં દાનના મહિમાને જાણવા છતાં દાન આપવાનો ઉત્સાહ ન થાય તે દાનાંતરાય કર્મ.

**૭. લાભાંતરાય કર્મ :-** પાત્રતા-યોગ્યતા હોવા છતાં લાભ ન થવા દે તે લાભાંતરાય કર્મ.

**૮. ભોગાંતરાય કર્મ :-** સર્વ પ્રકારની ભોગ સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવને તે ભોગવવા ન દે તે ભોગાંતરાય કર્મ.

**૯. ઉપભોગાંતરાય કર્મ :-** સર્વ પ્રકારની ઉપભોગની સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવ તેનો ઉપભોગ ન કરી શકે તે ઉપભોગાંતરાય કર્મ.

**૧૦. વીર્યાંતરાય કર્મ :-** યુવાન હોય... નિરોગી હોય... સમર્થ હોય છતાં બળફોરવવાનું મન ન થાય તે વીર્યાંતરાય કર્મ.

આગળ દર્શનાવરણીય કર્મના નવ ભેદ જણાવે છે – (૪ દર્શન + ૫ નિદ્રા)

**૧૧. ચક્ષુદર્શનાવરણીય કર્મ :-** જેનાથી ચક્ષુ ઇન્દ્રિયની શક્તિને આવરણ થાયતે ચક્ષુદર્શનાવરણીય કર્મ.

**૧૨. અચક્ષુદર્શનાવરણીય કર્મ :-** જેનાથી ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિય અને મન એ પાંચની શક્તિને આવરણ થાય તે અક્ષુદર્શનાવરણીય કર્મ.

**૧૩. અવધિદર્શનાવરણીય કર્મ :-** જેનાથી અવધિદર્શનને આવરણ થાય તે અવધિદર્શનાવરણીય કર્મ.

**૧૪. કેવલદર્શનાવરણીય કર્મ :-** જેનાથી કેવલદર્શનને આવરણ થાય તે કેવલદર્શનાવરણીય કર્મ.

**૧૫. નિદ્રા** -સુખે જાગી શકાય તે નિદ્રા.

**૧૬. નિદ્રા-નિદ્રા** –દુઃખે જાગી શકાય તે નિદ્રાનિદ્રા.

**૧૭. પ્રચલા :-** બેઠા બેઠા કે ઉભા –ઉભા ઉંઘ કરે તે પ્રચલા.

**૧૮. પ્રચલાપ્રચલા :-** ચાલતાં-ચાલતાં નિદ્રા કરે તે પ્રચલાપ્રચલા.

**૧૯. થિણદ્ધિ /સ્ત્યાનર્દ્ધિ-** દિવસે ચિંતવેલું કાર્ય જીવ ઉંઘમાં રાતે કરી આવે અને પ્રથમ સંઘયણ(વજ્રઋષભ નારાચ) વાળાને વાસુદેવથી અર્ધાબળની પ્રાપ્તિ થાય. વર્તમાનમાં હોય એનાથી ૭-૮ ગણું બળ ઉંઘમાં હોય તેવી નિદ્રા તે થિણદ્ધિ.

**૨૦. નીચ ગૌત્ર :-** હલકા કુળ-જાતિ-વંશમા જન્મ લેવરાવેતે ની ગૌત્ર કર્મ.

**૨૧. અશાતાવેદનીય કર્મ :-** શરીરમાં અશાતા -વેદના પીડા કે દુઃખની પ્રાપ્તિ થાય તે અશાતાવેદનીય કર્મ.

**૨૨. મિથ્યાત્વ મોહનીય કર્મ :-** તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલા માર્ગથી વિપરીત માર્ગની શ્રદ્ધા થાય તે મિથ્યાત્વ મોહનીય કર્મ.

સ્થાવર દશકના દસ ભેદોનું વર્ણન આગળ ૨૦ મી ગાથામાં આવશે.

**૨૩. નરકગતિ :-** નરકગતિ અપાવે છે

**૨૪. નરકાનુપૂર્વી :-**નરકગતિ તરફ લઇ (ખેંચી)જાય છે.

**૨૫. નરકાયુષ્ય :-** નરકગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે નરકાયુષ્ય.

૨૫ કષાય મોહનીયમાં ૧૬ કષાય અને ૯ નોકષાયનો સમાવેશ થાય છે.

**૧૬ કષાયમાં -** ક્રોધ[૧], માન[૨], માય[૩], લોભ[૪], ચાર છે દરેકના ચાર-ચાર પ્રકાર છે.

(૧) અનંતાનુબંધીન. (૨) અપ્રત્યાખ્યાની (૩) પ્રત્યાખ્યાની અને (૪) સંજવલન એટલે ૧૬ ભેદ થાય છે. એમાં (૧)હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) શોક (૫) ભય (૬) દુગંચ્છા

(૭) સ્ત્રીવેદ (૮) પુરુષ વેદ અને (૯) નપુંસકવેદ.

ઉપરોક્ત ૨૫ ભેદમાં કષાય-નોકષાય ૨૫ ભેદ ભેળવતાં કુલ ૫૦ ભેદ થયા.

**૫૧. તિર્યંચગતિ :-** તિર્યંચગતિ અપાવે છે.

**૫૨. તિર્યંચાનુપૂર્વી :-** તિર્યંચગતિ તરફ લઈ (ખેંચી) જાય છે.

**इग बिति चउ जाइओ, कुखगइ उवघाय हुंति पावस्स ।**
**अपसत्थं वण्ण चउ, अपढम संघयण संठाणा ।।१९।।**

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, અને ચઉરિન્દ્રિય જાતિ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અપ્રશસ્ત, વર્ણચતુષ્ક, પહેલાં સિવાયના સંઘયણ, અને સંસ્થાન એ પાપતત્વોના ભેદો છે.

**૫૩. એકેન્દ્રિય જાતિ-** સ્પર્શેન્દ્રિયવાળા શરીરની પ્રાપ્તિ દા.ત. પૃથ્વીકાય, અપકાય,

**૫૪. બેઈન્દ્રિયજાતિ :-** બે ઈન્દ્રિય (સ્પર્શ-રસ) વાળા શરીરની પ્રાપ્તિ દા. ત. શંખ, અળસીયા,

**૫૫. તેઈન્દ્રિય જાતિ :-** ત્રણ ઈન્દ્રિય (સ્પર્શ-રસ-ઘ્રાણેન્દ્રિય)વાળા શરીરની પ્રાપ્તિ દા. ત. જુ, માંકડ,

**૫૬. ચઉરિન્દ્રિય જાતિ :-** ચાર ઈન્દ્રિય (સ્પર્શ-રસ-ઘ્રાણ-ચક્ષુરિન્દ્રિય)વાળા શરીરની પ્રાપ્તિ. દા.ત. વીંછી, પતંગિયા,

**૫૭. અશુભ વિહાયોગતિ :-** બીજાને ન ગમે તેવી ચાલવાની કુલક્ષણી રીત તે અશુભ વિહાયોગતિ દા. ત. ઉંટ, ગધેડો.,

**૫૮. ઉપઘાત નામકર્મ :-** પોતાના શરીરના અવયવોથી પોતેજ દુઃખી થાય, હણાય તે ઉપઘાત નામકર્મ. દા. ત. - પડજીભ રસોળી, વગેરે

**૫૯. અશુભ વર્ણ :-** કૃષ્ણ અને નીલ અશુભ વર્ણ છે તેમની પ્રાપ્તિ પાપથી થાય છે.

**૬૦. અશુભ ગંધ :-** દુર્ગંધ અથવા અસુરભિ અશુભ ગંધ છે તેની પ્રાપ્તિ પાપથી થાય છે.

**૬૧. અશુભ રસ :-** તીખો કડવો રસ અશુભ રસ છે. તેની પ્રાપ્તિ પાપથી થાય છે.

**૬૨. અશુભસ્પર્શ :-** ગુરુ-કર્કશ, શીત તથા રૂક્ષ આ ચાર અશુભ સ્પર્શ છે. તેની પ્રાપ્તિ પાપથી થાય છે.

**૬૩. ઋષભ નારાચ સંઘયણ :-** મર્કટબંધ, અને પાટા સહિત પરંતુ વજ્ર એટલે ખીલી રહિત હાડકાની સંધિઓનું જોડાણ.

**૬૪. નારાચ :-** જ્યાં કેવળ બે બાજુ મર્કટબંધછે પાટો-ખીલી નથી આવું સંધિઓનું જોડાણ.

**૬૫. અર્ધનારાચ :-** જ્યાં એક બાજુ મર્કટબંધ હોય - પાટો અને ખીલો ન હોય એવું હાડકાની સંધિઓનું જોડાણ.

**૬૬. કિલિકા :-** કેવળ જ્યાં ખીલી છે એવું હાડકાના સંધિઓનું જોડાણ.

**૬૭. સેવાર્ત / છેવટ્ઠું :-** જ્યાં હાડકાના બે છેડા ફક્ત એકબીજાને સ્પર્શીને રહેલા છે એવું સંધિઓનું જોડાણ.

**૬૮. ન્યગ્રોધ સંસ્થાન :-** વડના ઝાડની જેમ નાભિ ઉપરનો ભાગ લક્ષણયુક્ત, નાભિ નીચેનો ભાગ લક્ષણ રહિત હોય.

**૬૯.સાદિ સંસ્થાન :-** નાભિનીચેનો ભાગ લક્ષણયુક્ત, ઉપરનો ભાગ લક્ષણ રહિત હોય.

**૭૦. વામન સંસ્થાન :-** હાથ-પગ-મસ્તક અને કમર આ ચાર લક્ષણ રહિત હોય, ઉદર વગેરે લક્ષણયુક્ત હોય તે.

**૭૧. કુબ્જ સંસ્થાન :-** વામન સંસ્થાનથી વિપરીત કુબ્જ સંસ્થાન છે.

**૭૨. હુંડક સંસ્થાન :-** જ્યાં સર્વ અંગ લક્ષણ રહિત હોય છે.

**थावर सहुम अपज्जं, साहारण मथिर मसुभ दुभगाणि ।**
**दुस्सरणाइज्ज जसं, थावर दसगं विवज्जत्थं ।।२०।।**

સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર અનાદેય, અને

અપયશ

**૭૩. સ્થાવર નામકર્મ**ના ઉદયથી જીવને સ્થાવર પણું પ્રાપ્ત થાય છે. જેથી તે સ્વેચ્છાએ એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકતા નથી. દા. ત. એકેન્દ્રિય-પત્થર, પાણી, અગ્નિ વગેરે.

**૭૪. સૂક્ષ્મ નામકર્મ**ના ઉદયથી જીવને સૂક્ષ્મ શરીરની પ્રાપ્તિ થાયછે. જેથી ઘણા અનંત ભેગા થાય તો પણ ચર્મચક્ષુથી જોઇ ન શકાય.

**૭૫. અપર્યાપ્ત નામકર્મ**ના ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પુરી કરવા સમર્થ ન થાય.

**૭૬. સાધારણ નામકર્મ**ના ઉદયથી જીવને જુદું શરીર ન મળે પરંતુ એક શરીરમાં અનેક જીવોને રહેવું પડે છે. દા.ત. કાંદા, બટેટા,

**૭૭. અસ્થિર નામકર્મ**ના ઉદયથી જીવને અસ્થિર અવયવની પ્રાપ્તિ થાય છે. દા. ત. પાંપણ, કાન, જીભ વિગેરે.

**૭૮. અશુભ નામ કર્મ**ના ઉદયથી નાભિથી નીચેના પગસુધીના અશુભ અવયવોની પ્રાપ્તિ થાય છે.

**૭૯. દુર્ભગ નામકર્મ**ના ઉદયથી જીવ બધાને અળખામણો થાય છે.

**૮૦. દુસ્વર નામકર્મ**ના ઉદયથી જીવને કોઇને ન ગમે એવા કર્કશ આવાજની પ્રાપ્તિ થાય છે.

**૮૧. અનાદેય નામકર્મ**ના ઉદયથી જીવનું સાચું-સારું અને હિતકારી વચન સાંભળવા કે માનવા કોઇ ઇચ્છતું નથી.

**૮૨. અપયશ નામકર્મ**ના ઉદયથી જીવ સર્વત્ર અપયશ અને અપકિર્તિ પામે છે.

આ દશ કર્મનો સમુહ ત્રસ દશકથી વિપરીત છે. આ દસ કર્મનો સમુહ સ્થાવર દશકના નામે ઓળખાય છે. આ દસ અશુભ કર્મ છે. તેથી તેનો સમાવેશ પાપ તત્ત્વમાં થાય છે.

આ કુલ ૮૨ પાપ પ્રકૃતિઓ છે. બાંધેલું પાપ આ ૮૨ પ્રકૃતિઓ દ્વારા ભોગવાય છે.

**આશ્રવ તત્વ :-**

**इंदिअ कसाय अव्वय, जोगा पंच चउ पंच तिन्निकम्मा।**
**किरियाओ पणवीसं, इमाउ ताओ अणुक्कमसो ।।२१।।**

ઇન્દ્રિય, કષાય, અવ્રત, યોગો અનુક્રમે પાંચ, ચાર, પાંચ અને ત્રણ છે. ક્રિયાઓ પચ્ચીસ છે અને તે અનુક્રમે આ છે.

**આશ્રવ તત્ત્વના ૪૨ ભેદ જણાવે છે :-**

ઇન્દ્રિય- ૫, + કષાય-૪, + અવ્રત-૫, + યોગ-૩, + ક્રિયાઓ-૨૫ = કુલ ભેદ ૪૨.

અનાદિ કાળથી આ જીવ સંસાર સાગરમાં પરિભ્રમણ કરે છે એનું મુખ્ય કારણ આશ્રવ છે. સતત એના આત્મામાં કર્મોનું (શુભ કે અશુભ) આગમન ચાલુ જ છે. આ આશ્રવનું પ્રથમ કારણ ઇન્દ્રિયો છે. જીવ જે પણ ગતિમાં જાય એને એકથી પાંચ ઇન્દ્રિયો પ્રાપ્ત થાય છે. પાંચ ઇન્દ્રિયના ત્રેવીસ વિષય છે એ વિષયોની પ્રાપ્તિમાં જીવ અનુકુળતામાં રાગ કરે છે એને સુખ માને છે. પ્રતિકૂળતામાં દ્વેષ કરે છે એમાં દુઃખ માને છે. તેથી કર્મોનો પ્રવાહ ચાલુ રહે છે.

કષ એટલે સંસાર અને આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય તે કષાય મુખ્ય ક્રોધ, માન, માયા, લોભ રૂપે ચાર પ્રકારે છે અનંતાનુબંધી વગેરે ભેદો વડે ૧૬ પ્રકારે છે. તે પણ આશ્રવનું કારણ છે.

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એમનો ત્યાગ તે વ્રત છે. એમનો અત્યાગ તે અવ્રત છે. તેથી પણ કર્મોનું આગમન થાય છે તે આશ્રવ છે.

જયાં શરીર છે ત્યાં જાતિ-ગતિ અનુસાર મન-વચન-કાયારૂપી યોગ છે. જયાં સુધી મન, વચન, કાય છે ત્યાં તેમનો વ્યવહાર અને પ્રવૃત્તિ છે તેથી પણ શુભ-અશુભ કર્મોનું આગમન થાય છે તે પણ આશ્રવ છે.

જે વ્યાપારથી આત્મા શુભાશુભ કર્મોને ગ્રહણ કરે છે તે ક્રિયા છે. અને તે પણ આશ્રવ રૂપ જ છે.

## પચ્ચીસ ક્રિયાઓ

**काइअ अहिगरणीया, पाउसिया पारितावणी किरिआ ।**
**पाणाइ वायारंभिअ, परिग्गहिया मायवत्ती य ।।२२।।**

કાયિકી ક્રિયા, અધિકરણિકી ક્રિયા, પ્રાદ્વેષિકી ક્રિયા, પારિતાપનિકી ક્રિયા, પ્રાણાતિપાતિકી ક્રિયા, આરંભિકી ક્રિયા, પરિગ્રહિક ક્રિયા, અને માયાપ્રત્યયિકી ક્રિયા,

જે વ્યાપાર વડે આત્મા શુભાશુભ કર્મને ગ્રહણ કરે તે ક્રિયા કહેવાય છે. આશ્રવ તત્ત્વ અંતર્ગત ૨૫ ક્રિયાઓ જણાવી છે તે સંક્ષેપમાં આ પ્રમાણે છે–

**૧. કાયિકી ક્રિયા :-** જોયા–પ્રમાર્જ્યા વગર અજયણા પૂર્વકનો કાયાનો વ્યાપાર તે કાયિકી ક્રિયા છે. દા. ત. અજયણાથી ઉઠવું–બેસવું–સૂવું વગેરે.

**૨. અધિકરણિકી ક્રિયા-** જીવ નાશક વસ્તુ કે પ્રવૃત્તિ તે અધિકરણ. સંસારના વ્યવહારમાં અધિકરણ વડે કરીને જીવોની હિંસા કરવી તે અધિકરણિકી ક્રિયા છે. દા. ત. ઘરઘંટી, છરી, ચાકુ, વિદ્યુત સાધન, ખાંડણી, ધોકો વિગેરેનો ઉપયોગ.

**૩. પ્રાદ્વેષિકી ક્રિયા :-** જીવ–અજીવ પ્રત્યે દ્વેષ કરવો, દ્વેષના વિચાર કરવા તે પ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે. દા. ત. પ્રતિકુળ સામગ્રી, પ્રતિકુળ બનનાર વ્યક્તિ પ્રત્યેનો વ્યવહાર.

**૪. પારિતાપનિકી ક્રિયા :-** સ્વ કે પરને પરિતાપ, પીડા થાય એવો વ્યવહાર કે ક્રોધાદિ ક્રિયા તે પારિતાપનિકી ક્રિયા કહેવાય છે.

**૫. પ્રાણાતિપાતિકી ક્રિયા :-** એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોને હણવા તથા હણાવવાથી જે ક્રિયા લાગે તે પ્રાણાતિપાતિકિ ક્રિયા છે.

**૬. આરંભિકી ક્રિયા :-** ખેતી, મીલ, ફેક્ટરી, વગેરે આરંભ–સમારંભથી જે ક્રિયા લાગે તે આરંભિકી ક્રિયા છે.

**૭. પરિગ્રહિકી ક્રિયા :-** ધનધાન્યાદિ નવ પ્રકારના પરિગ્રહને મેળવતાં તથા તેના ઉપર મમત્વ કે આસક્તિ ભાવ કરવાથી જે ક્રિયા લાગે તે પરિગ્રહિકી ક્રિયા કહેવાય છે.

**૮. માયાપ્રત્યયિકી ક્રિયા :-** માયા પ્રપંચ કાવાદાવા કરીને બીજાને છેતરવાથી જે ક્રિયા લાગે તે માયાપ્રત્યયિકી ક્રિયા છે.

**मिच्छा दंसणवत्ती, अपचख्खाण दिट्ठि पुट्ठीय ।**
**पाडुच्चिअ सामंतो, वणीअ नेसथ्थि साहत्थी ।।२३।।**

તથા મિથ્યાદર્શન પ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનકી, દષ્ટિકી, સ્પૃષ્ટિકી, (પૃષ્ટિકી અથવા પ્રાશ્નિકી ક્રિયા) પ્રાતિત્યકી, સામન્તોપનિપાતિકી, નૈશસ્ત્રિકી (અથવા નૈસૃષ્ટિકી ક્રિયા) અને સ્વહસ્તિકી ક્રિયા. ૨૩

**૯. મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા :-** જિન વચન ઉપર અશ્રદ્ધા કરવાથી અથવા જિનવચન વિરુદ્ધ વિપરીત પ્રરૂપણા કરવાથી જે ક્રિયા લાગે તે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા છે.

**૧૦. અપ્રત્યાખ્યાનિકી ક્રિયા :-** પચ્ચક્ખાણ ન કરવાથી, અવિરતિના કારણે જે સર્વ વસ્તુની ક્રિયા લાગે તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા છે.

**૧૧. દષ્ટિકી ક્રિયા :-** સારા કે ખરાબ, અનુકુળ કે પ્રતિકુળ, ગમતા કે અણગમતા પદાર્થો ઉપર સરાગ દષ્ટિ કરવાથી અથવા કૌતુકથી વરઘોડો–સરકસ–નાટક વગેરે જોવાથી જે ક્રિયા લાગે તે દષ્ટિકી ક્રિયા છે.

**૧૨. સ્પૃષ્ટિકી ક્રિયા :-** રાગના વશથી પુરુષ, સ્ત્રી, ગાય, બળદ, વસ્ત્ર પ્રમુખ સુકોમળ વસ્તુને સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે સ્પૃષ્ટિકી ક્રિયા છે.

**૧૩. પ્રાતિત્યકી ક્રિયા :-** બીજાના ઘરે હાથી, ઘોડા, ગોકુળ, વસ્ત્ર, આભુષણ પ્રમુખ રિદ્ધિ–સિદ્ધ જોઈ રાગ–દ્વેષ કરી કર્મ બંધન કરાવે તે પ્રાતિત્યકી ક્રિયા છે.

**૧૪. સામંતોપનિપાતિકી ક્રિયા :-** પોતાનો મહેલ રિદ્ધિ-સિદ્ધિ વસ્ત્ર, આભુષણ રાચરચિલું જોઈ બીજાઓ પ્રશંસા કરે તે સાંભળી રાજી થાય તે અથવા દુધ, ઘી, દહીં તેલના વાસણ ખુલ્લા રાખવાથી તેમાં જે ત્રસ જીવો આવી પડે તરફડે મરે તેથી જે લાગે તે સામંતોપનિપાતિકી ક્રિયા છે.

**૧૫. (નૈસૃષ્ટિકી ક્રિયા) નૈશસ્ત્રિકી ક્રિયા :-** રાજની આજ્ઞા લઈને બીજા પાસેથી શસ્ત્રાદિ ઘડાવવા તે અથવા પરોપદેશિત પાપમાં ઘણો કાળ પ્રવર્તે તે પાપની ભાવથી અનુમોદના કરે તે નૈશસ્ત્રિકી અથવા નૈસૃષ્ટિકી ક્રિયા છે.

**૧૬. સ્વહસ્તિકી ક્રિયા :-** પોતાના હાથથી જ જીવાદિકનો ઘાત કરવો તે સ્વહસ્તિકી ક્રિયા છે.

**आणवणि विआरणिया, अणभोगा अणवकंख पच्चइआ ।**
**अन्नपओग समुदाण, पिज्जदोसेरिआ वहिआ ।।२४।।**

આજ્ઞાપનિકી, વૈદારણિકી, અનાભોગિકી, અનવકાંક્ષાપ્રત્યયિકી, અને બીજી પ્રાયોગિકી, સામુદાનિકી, પ્રેમિકી, દ્વેષિકી અને ઈર્યાપથિકી ક્રિયા. ૨૪

**૧૭. આજ્ઞાપનિકી ક્રિયા :-** અરિહંતપ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી બીજાને આજ્ઞા કરી એની પાસેથી પાપ વ્યાપાર કરાવવાથી-પાપકારી ક્રિયાઓ કરાવવાથી જે ક્રિયા લાગે તે આજ્ઞાપનિકી ક્રિયા છે.

**૧૮. વિદારણિકી ક્રિયા :-** સચિત (ફળાદિ) અથવા અચિત (મુર્તિ-ફોટો) વસ્તુને વિદારવા (ભાંગવા-ફોડવા-ફાડવા) થી અથવા કોઈના અછતાં ખરાબ આચરણને પ્રકાશ કરી તેની પૂજાનો નાશ કરવાથી (ગાળ-કલંક દેવાથી) જે ક્રિયા લાગે તે. વિદારણિકી ક્રિયા છે.

**૧૯. અનાભોગિકી ક્રિયા :-** આભોગ એટલે ઉપયોગ, અનાભોગ એટલે ઉપયોગ શૂન્ય. ઉપયોગ રહિત કાર્ય કરવાથી જે ક્રિયા લાગે તે અનાભોગિકી ક્રિયા છે.

**૨૦. અનવકાંક્ષા પ્રત્યાયિકી ક્રિયા :-** પોતાની તથા પરની અપેક્ષા કરવી તે અવકાંક્ષા. તેનાથી વિપરીત તે અનવકાંક્ષા, પ્રત્યયિકી એટલે કારણ. અનવકાંક્ષા જેનું કારણ છે તે એટલે પોતાના કે પરના હિતનો વિચાર કર્યા વગર આલોક-પરલોક વિરુદ્ધ આચરણ ક્રિયા કરવી તે અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા છે.

**૨૧. પ્રાયોગિકી ક્રિયા :-** મન, વચન, કાયાના અશુભ, ધર્મવિરુદ્ધ વ્યાપાર દ્વારા જે ક્રિયા લાગે તે પ્રાયોગિકી ક્રિયા છે.

**૨૨. સામુદાનિકી ક્રિયા :-** જેથી કરીને વિષય ગ્રહણ કરીએ તે સમાદાન ઈન્દ્રિય છે. સમાદાનનો અર્થ કર્મનો સંગ્રહ પણ થાય છે. આઠે આઠ કર્મની સમુહમાં ગ્રહણ ક્રિયા અથવા એવો ઈન્દ્રિયોનો વ્યાપાર તે સામુદાનિકી ક્રિયા છે.

**૨૩. પ્રેમપ્રત્યયિકી ક્રિયા :-** માયા કે લોભના વશથી સ્વયં પ્રેમ (રાગ) કરવાથી અથવા બીજાને પ્રેમ (મોહ) ઉત્પન્ન થાય તેવા વચન બોલવાની કે પ્રવૃત્તિ કરવાની જે ક્રિયા તે પ્રેમપ્રત્યયિકી ક્રિયા છે.

**૨૪. દ્વેષિકી ક્રિયા :-** ક્રોધ કે માનના વશથી દ્વેષ કરવાથી કે બીજાને દ્વેષ ઉત્પન્ન થાય તેવા વચન બોલવાથી કે પ્રવૃત્તિ કરવાની જે ક્રિયા તે દ્વેષિકી ક્રિયા.

**૨૫. ઈર્યાપથિકી ક્રિયા :-** ઈર્યા એટલે ગમનાગમન પથ એટલે માર્ગ, કર્મબંધનના બીજા નિમિત્તની ગેરહાજરીમાં કેવળ યોગ દ્વારા કરાતી ગમનાગમનની ક્રિયા તે ઈર્યા. પથિકી ક્રિયા છે. માત્ર કેવળીને આ ક્રિયા લાગે છે.

# તીર્થંકરોની જીવન યાત્રા

અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.

**શ્રી શાંતિનાથ પ્રભુ** બાર ભવમાંથી પહેલા ભવમાં જંબૂભરતમાં રત્નપુરીમાં શ્રીષેણ નામે રાજા હતા. ત્યાં સમ્યક્ત્વ પામ્યા. સમ્યક્ત્વસહિત બારવ્રતની આરાધના કરી. બીજા ભવમાં યુગલીઆ થયા, ત્રીજા ભવમાં પહેલા દેવલોકમાં દેવ થયા. ચોથા ભવમાં વૈતાઢ્ય ઉપર રથનું પૂર ચક્રવાલ નગરમાં અમિતેજ નામના વિદ્યાધર ચક્રવર્તી રાજા થયા. એમણે કોઇવાર અચલ કેવલીને હું ભવ્ય છું કે અભવ્ય એવો પ્રશ્ન કરેલ, કેવળીએ કહ્યું, તમે નવમા ભવે જંબુદ્વીપના ભરતમાં સોળમા શાન્તિનાથ નામે તીર્થંકર થાશો. અંતે સંયમ સ્વીકારી ચારિત્ર પાળી, પાંચમા ભવમાં દશમા દેવલોકમાં દેવ થયા, છઠ્ઠા ભવમાં મહાવિદેહમાં અપરાજિત નામના બળદેવ થયા. એમણે અંતે સોળ હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. સાતમા ભવમાં બારમા દેવલોકમાં દેવ થયા. આઠમા ભવમાં જંબૂ મહાવિદેહમાં વજ્રાયુધ ચક્રવર્તી થયા. તેમણે અંતે ચાર હજાર રાણીઓ, સાતસો પુત્રો અને ચાર હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. સારી રીતે પાળીને નવમા ભવમાં ત્રીજા ગ્રૈવેયકમાં દેવ થયા. દશમા ભવમાં જંબૂ મહાવિદેહમાં મેઘરથ નામે રાજા થયા. અત્યંત ધર્મનિષ્ઠ એવા એ રાજાની ઇશાનેન્દ્રે પોતાની સભામાં પ્રશંસા કરી. તેને સહન ન કરનાર એક દેવે પારેવાને રાજાનો શરણાગત બનાવી સિંચાણા તરીકે ત્યાં આવી પોતાનો ભક્ષ્ય લેવાનો આગ્રહ કર્યો, રાજાએ પારેવાને આપવાની ના કહી. અન્તે શરણાગત પારેવાની બચાવવા એના પ્રમાણનું પોતાના શરીરનું માંસ આપવાનું કબુલ કરી છરીથી કાપી કાપી પોતાનું માંસ ત્રાજવામાં નાખવા માંડ્યું. પરંતુ પારેવાના વજન જેટલું દેવમાયાથી ન થતાં પોતે જ પોતાને ભક્ષ્ય તરીકે સોંપી દેવા ત્રાજવામાં બેસી ગયા, આ જોઇ દેવ નમી પડ્યો, ક્ષમા માગી અને ઇશાનેન્દ્રે કરેલ પ્રશંસાની વિગત કહી પ્રશંસા કરીને ચાલ્યો ગયો. એ મેઘરથરાજાએ ભાઇ દઢરથ, સાતસો પુત્રો, અને ચાર હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી, વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. પછી સિંહવિક્રીડિત તપ કરેલ, લાખ પૂર્વ સુધી દીક્ષા પાળી અનશન કરી અગીયારમા ભવે સર્વાર્થસિદ્ધમાં દેવ થયા, ત્યાંથી ચ્યવી હસ્તિનાપુરમાં વિશ્વસેન રાજાની રાણી અચિરાદેવીના ઉદરમાં ચૌદ સ્વપ્ન સૂચિત શ્રાવણ વદ સાતમે આવ્યા. એમના પ્રભાવથી દેશમાં થયેલ મરકી શાંત થઇ. તેથી વૈશાખ વદિ તેરસે પ્રભુ જન્મ્યા પછી તેમનું શાંતિકુમાર નામ રાખ્યું. હરણ લાંછનવાળા, સુવર્ણવર્ણવાળા અને ચાલીસ ધનુષની ઉંચાઇવાળા પ્રભુ પચ્ચીસ હજાર વર્ષ કુમારપણે, પચ્ચીસ હજાર વર્ષ માંડલિક રાજાપણે અને પચ્ચીસ હજાર વર્ષ ચક્રવર્તીપણે રહી, સાંવત્સરિક દાન આપી, એક હજાર રાજાઓ સાથે વૈશાખ વદિ ચૌદશે દીક્ષા લઇ, એક વર્ષ છદ્મસ્થ રહી, પોષ શુદિ નવમીના કેવળ જ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્માઓને તારી પચ્ચીસ હજાર વર્ષ ચારિત્ર પાળી સર્વ એક લાખ વર્ષ આયુષ્ય પૂર્ણ કરી

સમેતશિખર ઉપર નવસો મુનિઓ સાથે એક માસનું અનશન કરી વૈશાખ વદિ તેરસે મોક્ષે ગયા. પ્રભુને ચક્રાયુદ આદિ છત્રીસ ગણધરો સહિત બાસઠ હજાર સાધુઓ, સુમતિ આદિ એકસઠ હજાર છસો સાધ્વીઓ, બે લાખ નેવું હજાર શ્રાવકો, અને ત્રણ લાખ ત્ર્યાણું હજાર શ્રાવિકાઓ, એટલો પરિવાર હતો. શાસન રક્ષક ગરુડ યક્ષ અને નિર્વાણી યક્ષિણી હતાં, પ્રભુ પોતે પાંચમા ચક્રવર્તી હતા.

**શ્રી કુંથુનાથ પ્રભુ :** આગલા ત્રીજા ભવે જ જંબુદ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં આવર્ત વિજયના ખડ્ગી નગરમાં સિંહવર નામે રાજા હતા. ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધ્યું. ત્યાંથી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવ થઇ ત્યાંથી ચ્યવી હસ્તિનાપુરમાં શુરરાજાની શ્રીદેવીરાણીના ઉદરમાં આષાઢ વદિ નવમીના ચૌદ સ્વપ્ન સૂચિત આવ્યા, અને ચૈત્ર વદિ ચૌદશે જન્મ્યા. છાગના લંછનવાળા, સુવર્ણકાન્તિવાળા, અને પાંત્રીસ ધનુષની ઉંચાઇવાળા, પ્રભુ ત્રેવીશ હજાર સાડાસાતસો વર્ષ કુમારપણે, તેટલાંજ વર્ષ માંડલિક રાજાપણે, અને તેટલાંજ વર્ષ ચક્રવર્તીપણે રહી, સાંવત્સરિક દાન આપી ચૈત્ર વદિ પાંચમના એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ સોળવર્ષ છદ્મસ્થ રહી હસ્તિનાપુરમાં ચૈત્ર સુદિ ત્રીજના કેવળજ્ઞાન પામ્યા. અનેક ભવ્યાત્માઓને તારી તેંત્રીસ હજાર સાડાસાતસો વર્ષ દીક્ષા પાળી, પંચાણું હજાર વર્ષ સર્વ આયુષ્ય પાળી, એક હજાર મુનિઓ સાથે સમેતશિખરે આવી એક માસનું અનશન કરી ચૈત્ર વદિ એકમે મોક્ષે ગયા. પ્રભુને સ્વયંભુ વગેરે પાંત્રીસ ગણધરો સહિત સાઠ હજાર સાધુઓ, દામિની વગેરે સાઠ હજાર છસો સાધ્વીઓ, એક લાખ ઓગણાએંસી હજાર શ્રાવકો, અને ત્રણ લાખ એક્યાશી હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક ગંધર્વયક્ષ અને બલાદેવી યક્ષિણી હતાં. પ્રભુ પોતે છઠ્ઠા ચક્રવર્તી હતા.

**શ્રી અરનાથ પ્રભુ :** આગલા ત્રીજા ભવે આ જંબુદ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં વત્સ વિજયમાં સુસીમા નગરીમાં ધનપતિ રાજા હતા. ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ વીશ સ્થાનક આરાધી તીર્થંકર નામકર્મ બાંધી, પછી નવમા ગ્રૈવેયકમાં દેવ થયા, ત્યાંથી ચ્યવી હસ્તિનાપુર નગરમાં સુદર્શન રાજાની મહાદેવી રાણીના ઉદરમાં ફાગણ શુદિ બીજના ચૌદ સ્વપ્ન સૂચિત આવ્યા, માગશર શુદિ દશમીના જન્મ્યા. નંદાવર્ત લાંછન, સુવર્ણ કાન્તિ અને ત્રીસ ધનુષની ઉંચાઇવાળા, પ્રભુ એકવીશ હજાર વર્ષ કુમારપણે, એકવીશ હજાર વર્ષ માંડલિક રાજાપણે અને એકવીશ હજાર વર્ષ ચક્રવર્તી પણે રહી, સાંવત્સરિક દાન આપી એક હજાર રાજાઓની સાથે માગશર શુદી એકાદશીના દીક્ષા લઇ, ત્રણ વર્ષ છદ્મસ્થ રહી, કાર્તિક શુદિ બારસે હસ્તિનાપુરમાં કેવળજ્ઞાન પામી, અનેક ભવ્યાત્માઓને તારી એકવીશ હજાર વર્ષ દીક્ષા પાળી સર્વ આયુષ્ય ચોર્યાસીહજાર વર્ષનું ભોગવી, સમેતશિખર ઉપર એક હજાર મુનિઓની સાથે એક માસનું અનશન કરી માગસર શુદિ દશમીના મોક્ષે ગયા. પ્રભુજીને કુંભ આદિ તેંત્રીશ ગણધરો સહિત પચાસ હજાર સાધુઓ, સાઠ હજાર સાધ્વીઓ, એક લાખ ચોર્યાશી હજાર શ્રાવકો અને ત્રણ લાખ બોતેર હજાર શ્રાવિકાઓ, એટલો પરિવાર હતો. શાસન રક્ષક ષણ્મુખયક્ષ અને ધારિણી યક્ષિણી

હતાં. પ્રભુજી પોતે સાતમા ચક્રવર્તી હતા તથા એમના શાસનમાં છઠ્ઠા પ્રતિવાસુદેવ બલિ હતા. વાસુદેવ પુરુષપુંડરિક, અને બળદેવ આનંદ નામે થયા, તથા આઠમા ચક્રવર્તી સુભૂમ થયા, અને સાતમા પ્રલ્હાદ પ્રતિવાસુદેવ, દત્તવાસુદેવ, અને નંદન બળદેવ થયા છે.

**શ્રી મલ્લીનાથ પ્રભુ :** આગલા ત્રીજા ભવમાં આ જંબૂદ્વિપના અપર વિદેહમાં સલિલાવતી વિજયમાં વીતશોકા નગરીમાં મહાબલ રાજા હતા. ત્યાં સમ્યક્ત્વ પામી છ મિત્ર રાજાઓ સાથે દીક્ષા લઇ વીશ સ્થાનક તપથી તીર્થંકર નામ કર્મ બાંધી પછી વૈજયંત વિમાનમાં દેવ થઇ ત્યાંથી ચ્યવી મિથિલા નગરીમાં કુંભરાજાની પ્રભાવતી રાણીના ઉદરમાં ફાગણ શુદ ચોથના ચૌદ સ્વપ્ન સૂચિત આવ્યા. માગસર શુદિ એકાદશીના જન્મ્યાં. કુંભ લાંછનવાળા, નીલકાંતિવાળા અને પચ્ચીસ ધનુષની ઊંચાઇવાળા પ્રભુ એકસો વર્ષ કુમારીપણે રહી અભ્યંતર પરિવાર યોગ્ય ત્રણસો સ્ત્રીઓ સાથે અને બાહ્ય પરિવાર યોગ્ય એક હજાર પુરુષો સાથે માગસર શુદિ એકાદશીના દીક્ષા લઇ તે જ દિવસે કેવળજ્ઞાન પામી અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધી ચોપન હજાર નવસો વર્ષ દીક્ષા પાળી, પંચાવન હજાર વર્ષનું સર્વ આયુષ્ય ભોગવી અંતે પાંચસો સાધ્વીઓ અને પાંચસો મુનિઓ સાથે સમેતશિખર ઉપર માસિક અનશન કરી ફાગણ શુદિ બારસના મોક્ષે ગયા. પ્રભુને ભિષક વગેરે અટ્ઠાવીશ ગણધરો સહિત, ચાલીસ હજાર સાધુઓ, બંધુમતિ આદિ પંચાવન હજાર સાધ્વીઓ, એક લાખ ત્ર્યાશી હજાર શ્રાવકો અને ત્રણ લાખને સીત્તેર હજાર શ્રાવિકાઓ એ પ્રભુનો પરિવાર હતો. શાસનરક્ષક દેવ કુબેર યક્ષ અને વૈરોટ્યા યક્ષિણી હતાં.

**શ્રી મુનિસુવ્રતપ્રભુ :** આગલા ત્રીજા ભવમાં અપરમહાવિદેહમાં ભરત વિજયની ચંપાપુરી શુરશ્રેષ્ઠ રાજા હતા. સમ્યક્ત્વ પામી દીક્ષા લઈ, વીશસ્થાનક તપ આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી ત્યાંથી પ્રાણતદેવલોકથી ચ્યવી રાજગૃહી નગરીના સુમિત્ર રાજની પદ્માવતી રાણીના ઉદરમાં શ્રાવણ સુદિ પુનમના ચૌદસ્વપ્ન સૂચિત આવ્યા. વૈશાખ વદી અષ્ટમીના જન્મ્યા. શ્યામકાંતિવાળા, કૂર્મના લાંછનવાળા, વીશધનુષની ઉંચાઇવાળા પ્રભુ સાડાસાત હજાર વર્ષ કુમારપણે રહી, પંદર હજાર વર્ષ રાજય પાળી, સાંવત્સરિક દાન દઈ એક હજાર રાજાઓની સાથે ફાગણ સુદિ બારસે દીક્ષા લઇ અગીઆર માસ છદ્મસ્થ રહી મહા વદ બારસના રાજગૃહીમાં કેવળજ્ઞાન પામી અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધી અંતે સમેતશિખર ઉપર એક હજાર મુનિઓ સાથે એક માસનું અનશન કરી સાડા સાત હજાર વર્ષ દીક્ષા પાળી, સર્વ ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી જેઠ વદિ નવમીના પ્રભુ મોક્ષે ગયા. એ પ્રભુને ઇન્દ્ર વગેરે અઢાર ગણધર સહિત ત્રીસ હજાર સાધુઓ, પુષ્પવતી પ્રમુખ પચ્ચાસ હજાર સાધ્વીઓ, એક લાખ બોંતેર હજાર શ્રાવકો અને ત્રણ લાખ પચાસ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. એ પ્રભુના શાસનમાં નવમા મહાપદ્મ ચક્રવર્તી થયા, તથા આઠમા પ્રતિવાસુદેવ રાવણ, વાસુદેવ લક્ષ્મણ, અને બળદેવ રામ થયા. શાસન રક્ષક વરુણદેવ અને નરદત્તા યક્ષિણી હતાં.

**શ્રી નમિનાથ પ્રભુ :** આગલા ત્રીજા ભવે આ જંબુદ્વિપના મહાવિદેહના ભરતવિજયની કૌશંબી નગરીમાં સિદ્ધાર્થ નામે રાજા હતા. તેમણે સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ વિશસ્થાનક તપ આરાધી તીર્થંકર નામકર્મ બાંધ્યું. ત્યાંથી અપરાજીત વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી મિથિલાનગરીમાં વિજયરાજાની વિપ્રારાણીના ઉદરમાં ચૌદ સ્વપ્ન સૂચિત આસો સુદ પૂનમના આવ્યા અને આષાઢ વદિ આઠમના જન્મ્યા, સુવર્ણની કાંતિ, નીલકમલ લાંછન અને પંદર ધનુષ્યની ઊંચાઇવાળા પ્રભુ અઢી હજાર વર્ષ કુમારપણે રહી પાંચ હજાર વર્ષ રાજ્ય ભોગવી અંતે સાંવત્સરિક દાન દઇ, જેઠ વદિ નવમીના દિવસે એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ નવમાસ છદ્મસ્થ રહી, માગસર શુકલ એકાદશીના મિથિલામાં કેવળ જ્ઞાન પામી, ઘણા ભવ્યો જીવોને પ્રતિબોધી અઢી હજાર વર્ષ દીક્ષા પાળી, દશહજાર વર્ષ આયુષ્ય ભોગવી, એક હજાર મુનિઓની સાથે સમેતશિખર ઉપર માસિક અનશન કરી ચૈત્ર વદી દશમના દિવસે મોક્ષે ગયા. પ્રભુને કુંભ વગેરે સત્તરગણધરો સહિત વીશ હજાર સાધુઓ અનિલા વગેરે એકતાલીશ હજાર સાધ્વીજીઓ, એકલાખ સિત્તેર હજાર શ્રાવકો અને ત્રણ લાખ અડતાલીસ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. એ પ્રભુના શાસનમાં દશમા હરિષેણ અને અગીઆરમાં જયનામે ચક્રવર્તી થયા છે. નમિનાથ પ્રભુ મોક્ષે ગયે પાંચલાખ ચોર્યાશી હજાર નવસો એંશી વર્ષ થયાં ત્યારે પુસ્તકો લખાયાં છે. એ પ્રભુના શાસન રક્ષક ભૃકુટી યક્ષ અને ગાંધારિ યક્ષિણી હતાં.

